Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# આત્માનન્દ પ્રકાશ.

( દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર. )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदयद्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु ।
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ૦ ૨૬ મું. વીર સં. ૨૪૫૫. જ્યેષ્ઠ. આત્મ સં. ૩૪. અંક ૧૧ મો.

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## વિષયાનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી યુગાદીશ્વર જીન ચૈત્યવંદન.... | ૨૬૫ | ૬ કષાયો. ... ... ... | ૨૭૦ |
| ૨ પુરૂષાર્થ અષ્ટક. ... ... | ૨૬૬ | ૭ દૈવી ઇચ્છા.. ... ... | ૨૭૨ |
| ૩ શ્રી તીર્થંકર ચરિત્ર. ... ... | ૨૬૭ | ૮ સ્ત્રી વિભાગ વાંચન... ... | ૨૭૭ |
| ૪ જૈનોની કેળવણી સંબંધી સ્થિતિનું દિગ્દર્શન. ... ... | ૨૬૮ | ૯ પ્રશ્નોત્તર સમસ્યાઓ... ... | ૨૮૦ |
| | | ૧૦ વર્તમાન સમાચાર.... ... | ૨૮૧ |
| ૫ શાણા શ્રીમંતોનું કર્તવ્ય. ... | ૨૬૯ | ૧૧ ગ્રંથાવલોકન-ગ્રંથ સ્વીકાર. ... | ૨૮૪ |


મુદ્રકઃ—શા. ગુલાબચંદ લલ્લુભાઇ. આનંદ પ્રી. પ્રેસ સ્ટેશન રોડ—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રી જ્ઞાનસાગર સૂરિકૃત,

# શ્રી વિમલનાથ પ્રભુનું ચરિત્ર.

### શેઠ શ્રી અમરચંદ હરજીવનદાસની સહાયવડે તેમની સીરીઝ તરીકે આ ગ્રંથ છપાયેલ છે.

અદ્વિતીય જીવન ચરિત્રના શિક્ષારૂપ બોધપ્રદ આ ગ્રંથ છે. આ ગ્રંથની રચના સંવત ૧૪૫૨ ની સાલમાં શ્રી જ્ઞાનસાગરસૂરિ મહારાજે કરી છે, પ્રભુ શ્રી વિમળનાથ મહારાજના પૂર્વભવો સહિતનું સંપૂર્ણ ચરિત્ર, સાથે ધર્મનો પ્રભાવ, ભેદો, શ્રાવકના વ્રતોના અધિકાર, અને જૈન ધર્મના શિક્ષણનો સુંદર ઉપદેશ વિવિધ પાંત્રીશ કથાઓ સહિત આપેલ છે. આ ચરિત્રની રચના પ્રતિભાશાળી, મનોહર, રસગૌરવ શૈલીથી અલંકૃત છે. ગ્રંથની રચના અલૌકિક, અને તેમાં છુપાયેલ તાત્ત્વિક બોધ અસાધારણ હોઇ તે વાચકના આત્માને શાંત રસ પ્રગટાવી, ધર્મ રૂપી કલ્પવૃક્ષનું સ્વરૂપ સમજી, તેનો પ્રભાવ જાણી તેનો આદર કરતાં મોક્ષ સન્[illegible] લઇ જાય છે. આ ગ્રંથમાં જે મહાન પ્રભુનું ચરિત્ર આવેલ છે, તે સમયમાં દેશની સા[illegible]જિક, નૈતિક, રાજકીય અને ધાર્મિક પ્રવૃત્તિ કેવી હતી તેનું પણ પઠન કરનારને ભાન થાય છે. શરૂઆતમાં અઢીદ્વીપ સંબંધી ગ્રંથકાર મહારાજે સંક્ષિપ્ત વર્ણન આપેલ હોવાથી, જેમ આ ચરિત્રવાંચનથી ભૂતકાળના ઇતિહાસ સાથે જૈન ભૂગોળનું પણ જાણપણું થાય છે. એકંદર રીતે આ ગ્રંથ દરેક મનુષ્યને પઠન પાઠન કરવા જેવો હોઇ પોતાના નિવાસસ્થાનમાં, ભંડારમાં પુસ્તકાલયમાં હોવો જોઇએ. રોયલ આઠ પેજી પીસ્તાળીશ ફોર્મ સાડા ત્રણશેંહ પાનાનો ગ્રંથ સારા કાગળો ઉપર સુંદર ટાઇપથી ગુજરાતી ભાષામાં છપાવી સુંદર કપડાના બાઇંડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૧–૧૨–૦ પોસ્ટેજ જુદું.

# જૈન નરરત્ન ભામાશાહનું ચરિત્ર.

હાલના સમયમાં ઇતિહાસનો અભ્યાસ, વાંચન, કથાઓનો આદર જૈન સમાજમાં કેટલાક અંશે વૃદ્ધિગત થતો જોવામાં આવતો હોવાથી, તેમજ દેશમાં, સમાજમાં પણ દેશ અને સમાજ-સેવાનો પવન જોશભેર ફુંકાતો હોવાથી, અમુક અંશે અમુક મનુષ્યો તેવી સેવા કરતા–ઇચ્છતા હોવાથી પ્રસંગાનુસાર તેમની ભાવનામાં વધારે બળ મળે એ આશયથી ઇતિહાસપ્રસિદ્ધ જૈન કુલભૂષણ ભામાશાહનું ચરિત્ર ઐતિહાસિક દ્રષ્ટિએ તૈયાર કરાવી છપાવેલું છે. આ ગ્રંથમાં નરરત્ન ભામાશાહનો જ્વલંત દેશ તથા સમાજ પ્રેમ–સેવા અને શ્રીમાન્ હીરવિજયસૂરીશ્વરજીની અહોનિશ ધગધગતી જ્વલંત શાસનદાઝ એ બંને આદર્શો સાથો-સાથ ઉભા રહી રાષ્ટ્ર અને ધર્મપ્રેમના પ્રકાશો પાડી રહ્યા છે જે વાંચતાં તે મહાપુરૂષની પ્રભા આપણા જીવનમાં વણી લેવાને સ્હેજે લલચાઇયે છીયે.

શુમારે છત્રીશ ફોર્મ ત્રણશેં પાનાનો સચિત્ર ઉંચા કાગળ ઉપર સુંદર ટાઇપમાં છપાવી સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત બે રૂપીયા. પોષ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तेषां पारमेश्वरमतवर्त्तिनां जन्तूनां नास्त्येव शोको न विद्यते दैन्यं प्रलीनमौत्सुक्यं व्यपगतो रतिविकारः जुगुप्सनीया जुगुप्सा असम्भवी चित्तोद्वेगः अतिदूरवर्तिनी तृष्णा समूलकाषंकषितः सन्त्रासः किन्तर्हि तेषां मनसि वर्तते धीरता कृतास्पदा गम्भीरता अतिप्रबलमौदार्यं निरतिशयोऽवष्टंभः।

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २६ मुं. } वीर संवत् २४५५. ज्येष्ट आत्म संवत् ३४. { अंक ११ मो.

## श्री युगादीश्वर जिन चैत्यवंदनम् ।

( सार्दूल विक्रीडित-वृत्तम् )

आत्मानन्द विलासमग्नमनसं शुद्ध स्वरूपात्मकं,
संसाराम्बुधि तारणे प्रवहणं कल्याणमालाङ्कितम् ।
दुष्कर्मद्रुम पावकं शुभमति प्रोद्दीपने दीपकं,
वन्देऽहं प्रभु मादिनाथ मनिशं त्रैलोक्य रक्षाकरम् ॥१॥
गार्हस्थ्ये सकलाः कलाश्च विशदं शिल्पं बभाषेसमं,
कैवल्यं प्रतिपद्य यः क्रमतया विस्तारया मासिवान् ।
तत्त्वानि प्रथितानि दीव्य महिमा धर्म्याणि धर्मप्रियो—
वन्दे तं प्रभुमादिनाथ मनिशं त्रैलोक्य रक्षाकरम् ॥२॥
लोकानामुपकार कर्मनिरतो ज्ञानेन नैर्मल्यभाक्,
सिद्धान्तेषु महत्सु लब्ध महिमा सर्वेषु सिद्धक्रियः ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वेदेषु प्रथितश्च चित्र चरितः ख्यातः पुराणेष्वपि,
श्रीमानादि जिनेश्वरो दिशतु वः श्रेयस्तर्ति शोभनाम् ॥३॥
भक्तानामभयं करं जितमयं नान्तादि मध्य क्रियं;
हर्त्तारं दुरितस्य शान्ति कलितं लीलागृहं संपदाम् ।
नाभि क्ष्मापति वंश मस्तक मणिं सम्यग् रमा राजितं,
वन्देऽहं प्रभुमादिनाथ मनिशं त्रैलोक्य रक्षाकरम् ॥४॥
सर्वोपद्रव पन्नगप्रमथने नागाऽन्तकोऽनन्तकः,
सौवर्णोपम वर्णकः शुभमहोक्षाऽङ्के न विभ्राजितः ।
श्रेयः सन्तति गुल्मिनी जलधरो घर्मापगोर्वी धरः,
श्रीमानादि जिनेश्वरोऽजितनतः पायादपायाद्वः ॥ ५ ॥

ले० आचार्य अजितसागरसूरि.

## પુરૂષાર્થ અષ્ટક. (ત્રોટક છંદ.)

નવરા જન બેસિ કદી ન રહો, કંઇ કામ કરો સુભ લાભ લહો;
સહુ વસ્તુ તણું કંઇ મૂલ હશે, પણ કીંમત તો પળની ન થશે. ૧
શિશુ બાળપણે ભણજો ઉલટે, જગમાં ભવિષ્યે તુજ સારૂં થશે;
ફળ તેહ તણાં મળશે સુભ તો, નકી હામ ધરી કંઇ કામ કરો. ૨
પશુ પંખી કીડી મધમાખ અને, સહુ પ્રાણી રહ્યાં નિજ કામ વિષે;
સહુ કાર્ય કરે કયમ બેસી રહું ? ખપવા મુરખો કયમ સુસ્ત બનું ? ૩
નિરખો સરિતા, મળવા જ જતી, ઋતુ મેહ સમે, કરી વેગ અતી;
સહવાસ ગમે, પતિ અબ્ધિ તણો, કંઇ કામ કરો, નવરા ન રહો. ૪
પળને પળ તો ઘડીને દિવસે, વય પૂર્ણ થયે જીંદગીજ જશે;
નવ ફોગટ દીન તમે ગુમવો, કંઇ કામ કરો, નવરા ન રહો. ૫
નિરખો નજરે, અતિ માળ ઘરાં, હળવે હળવે બનિયાંજ બધાં;
જન તેહ તણો દૃષ્ટાન્ત લહો, કંઇ કામ કરો નવરા ન રહો. ૬
રજની શરૂવાત થતી ઉંઘતા, પરભાત થતાં વહેલા ઉઠતાં;
ધન બુદ્ધિ વૃદ્ધ તન જોર લહો, કંઇ કામ કરો, નવરા ન રહો. ૭
અમુલી મળી છે જીંદગી ગણજો, હૃદયે સુભ ધ્યાન પ્રભુ ધરજો,
પુરૂષોત્તમ કીંમતી વખ્ત અતી, કરિલે પ્રભુ પ્રેમ થકી ભગતી. ૮

પી. એન. શાહ થરાવાળા. (હાલ) મેસાણા જૈન પાઠશાળા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અગીયાર અંગોમાં નિરૂપણુ કરેલ શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગતાંક પૃષ્ટ ૨૫૪ થી શરૂ )

| અંક | ઐરવતના તીર્થંકરો. | ભરતક્ષેત્રનાં ભાવિ તીર્થંકરો. | તેમના પૂર્વ ભવો. | ઐરવતનાં ભાવિ તીર્થંકરો. |
|---|---|---|---|---|
| ૧ | ચંદ્રાનન | મહાપદ્મ | શ્રેણીક | સુમંગળ |
| ૨ | સુચંદ્ર | સુરદેવ | સુપાર્શ્વ | સિદ્ધાર્થ |
| ૩ | અગ્નિસેન | સુપાર્શ્વ | ઉદય | નિર્વાણુ |
| ૪ | નંદિસેન ( આત્મસેન ) | સ્વયંપ્રભ | પોટ્ટિલ | મહાયશા |
| ૫ | ઋષિદત્ત | સર્વાનુભૂતિ | દઢાયુ | ધર્મધ્વજ |
| ૬ | વર્ત્તધારિ | દેવશ્રુત | કાર્તિક | શ્રીચંદ |
| ૭ | સોમચંદ્ર | ઉદય | શંખ | પુષ્પકેતુ |
| ૮ | યુક્તિસેન ( દીર્ઘબાહુ કે દીર્ઘસેન ) | પેઢાલપુત્ર | નંદ | મહાચંદ્ર |
| ૯ | અજીતસેન શતાયુત ) | પોટ્ટિલ | સુનંદ | શ્રુતસાગર |
| ૧૦ | શિવસેન ( સત્યસેન કે સત્યકિ ) | શતકીર્તિ | શતક | સિદ્ધાર્થ |
| ૧૧ | દેવશર્મા | મુનિસુવ્રત | દેવકી | પૂર્ણઘોષ |
| ૧૨ | નિક્ષિપ્તશસ્ત્ર ( શ્રેયાંસ ) | અમમ | સત્યકી | મહાઘોષ |
| ૧૩ | અસંજ્વલ ( સ્વયંજલ ) | નિષ્કષાય | વાસુદેવ | સત્યસેન |
| ૧૪ | અનન્તક ( સિંહસેન ) | નિષ્પુલાક | બળદેવ | સુરસેન |
| ૧૫ | ઉપશાન્ત | નિર્મમ | રોહિણી | મહાસેન |
| ૧૬ | ગુપ્તિસેન | ચિત્રગુપ્ત | સુલસા | સર્વાનંદ |
| ૧૭ | અતિપાર્શ્વ | સમાધિ | રેવતી | દેવપુત્ર |
| ૧૮ | સુપાર્શ્વ | સંવર | શતાલી | સુપાર્શ્વ |
| ૧૯ | મરૂદેવ | અનિવૃત્તિ | ભયાલી | સુવ્રત |
| ૨૦ | ( મોક્ષે ગયેલ ) ધર | વિજય | દ્વૈપાયન કૃષ્ણુ | સુકોશલ |
| ૨૧ | શ્યામકોષ્ટ | વિમલ | નારદ | અનંતવિજય |
| ૨૨ | અગ્નિસેન ( મહાસેન ) | દેવોપપાત | અંબડ | વિમલોત્તર |
| ૨૩ | અગ્નિપુત્ર | અનંત | દારૂમડ | મહાબલ |
| ૨૪ | વારિષેણુ | વિજય | સ્વાતિબુદ્ધ | દેવાનંદ |

ૃ૦ હવે ભગવતીજી સૂત્રના પ્રમાણો આપવામાં આવશે. ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનોની કેળવણી સંબંધી સ્થીતિનું દિગ્દર્શન

## કેળવણીના ક્ષેત્રમાં પછાતપણું અને તેથી કોમની થતી જતી કફોડી સ્થીતિ.

( લેખક: નરોતમ બી. શાહ. )

જૈનોની કેળવણી સંબંધી સ્થિતિ તપાસતા જૈનો વેપારી કોમ તરીકે ગણાતા હોવાથી એકપણ જૈન બાળક એવું ન હોવું જોઇએ કે પ્રાથમિક શિક્ષણમાં પણ પછાત રહે. પ્રાથમિક શિક્ષણ તો દરેક જૈનના ઘરના ઉમરા સુધી ફરજીયાત ગણાવું જોઈએ અને તે દાખલ કરવું જોઇએ અને જ્યાં સુધી આવી ભાવના પ્રગટ થશે નહિ ત્યાં સુધી કેળવણીના ક્ષેત્રમાં ગમે તેટલો ઉહાપોહ કરવામાં આવે તે નિરર્થક છે; આવી આશાથી જ અત્યાર સુધી કેળવણીના વિષયમાં અવારનવાર જાહેર જૈન પ્રજાનું ધ્યાન ખેંચ્યા કર્યું છે. હાલમાં મુંબઇ ઇલાકાના કેળવણી ખાતાના રીપોર્ટને આધારે પાંચ વર્ષ દરમીયાન કેળવણી સંબંધી જૈનોની કેવી સ્થીતિ છે તે જન સમાજને ઉપયોગી હોવાથી અત્રે રજુ કરવાની ફરજ પડે છે:—

| સાલ | પ્રાથમિક શિક્ષણ લેતા જૈન વિદ્યાર્થીઓની સંખ્યા. | માધ્યમિક શિક્ષણ લેતા જૈન વિદ્યાર્થીઓની સંખ્યા. |
|---|---|---|
| ૧૯૨૧ | ૧૯૫૩૨ | ૨૩૧૪ |
| ૧૯૨૨ | ૧૯૩૩૮ | ૨૨૫૫ |
| ૧૯૨૩ | ૧૬૪૯૭ | ૨૧૨૨ |
| ૧૯૨૪ | ૧૫૮૯૮ | ૨૧૮૯ |
| ૧૯૨૫ | ૧૩૬૭૫ | ૨૮૩૩ |

ઉપરના આંકડાઓ જોતાં પ્રાથમિક શીક્ષણમાં શીખતા જૈન વિદ્યાર્થીઓની સંખ્યા દર વરસે ઘટતી જાય છે તે એક અફસોસકારક બીના છે; જો કે માધ્યમિક શીક્ષણ લેતા જૈન વિદ્યાર્થીઓની સંખ્યા છેલ્લા વરસમાં કાંઇક સુધારો માલુમ પડે છે; છતાં જ્યાં પ્રાથમિક શીક્ષણ લેતા જૈન વીદ્યાર્થીઓમાં જ ઘટાડો રજુ થતો જાય છે તો ભવિષ્યમાં માધ્યમિક શિક્ષણ લેતા જૈન વિદ્યાર્થીઓમાં વધુ ઘટાડો થવા સંભવ રહે છે. છેલ્લા દશ વરસોમાં બોર્ડીંગો, કેળવણીની સંસ્થાઓ અને ગુરૂકુલોમાં વધારો થતો જતો હોવા છતાં આશ્ચર્યજનક બીના તો એ છે કે કેળવણીના ક્ષેત્રમાં આગળ વધવાને બદલે શરૂઆતની કેળવણીમાં પ્રાથમિક શીક્ષણથી જ આપણે પાછા હઠતા જઈએ છીએ. આવી સ્થિતિમાં જૈન કોલેજ અથવા યુનીવરસીટીના કાંઇપણ સ્વપ્ના જોતા હોઇએ તો ખરેખર વિચારવા જેવી બાબત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરૂઆતનીજ કેળવણીમાં હજુ આપણે ફાંફાં મારીએ છીએ તે વખતે ઉંચી કેળવણીની હિમાયત કેવી રીતે કરવી તે એક પ્રશ્ન છે. શરૂઆતમાં જ જાહેર ફંડથી ચલાવવામાં આવતી આપણી કેળવણી વિષયક સંસ્થાઓ તરફ દૃષ્ટી કરો અને ખાતરી થશે કે દર વરસે ફંડના અભાવે કેટલી અરજીઓ પાછી કાઢવામાં આવે છે. જૈન કોમમાં સામાજીક સેવા કરવાની ઉમેદ રાખનારાઓ માટે કેળવણીના સુધારાર્થે કાર્ય કરવા સારૂ બહોળું ક્ષેત્ર પડેલું છે. જૈન કોમના હાલના બાળકોને મનુષ્યત્વમાં લાવી જો શહેરી તરીકે લાયક બનાવવા માંગતા હોઇએ તો મુંબઈ ઈલાકાના શહેરો કરતાં, ગામડાઓ કે ઠેકાણે ઠેકાણે વસ્તીનો લગભગ ૮૫ ટકા જેટલો ભાગ રહે છે તેમાં વસવાટ કરી રહેલા જૈનોની સામાજીક અને આર્થિક સ્થીતિનું બારીક અવલોકન કરવામાં આવે તો બીજી કોમોની હરીફાઇના જમાનામાં આપણે દિનપ્રતિદિન કેટલા બધા નીચે ગબડતા જઇએ છીએ તેનો ખ્યાલ આવી શકે. તેટલાજ માટે આપણી સખાવતો, જે મોટે ભાગે લાગેવગે અથવા દૃષ્ટીરાગ અને દાક્ષીણ્યતાથી જુદી જુદી દિશાએ નાણાની નાની રકમો મારફતે વેંચાઇ જતી હોવાથી, આપણી કેળવણીની સંસ્થાઓ સંગીન થઇ શકે તે તરફ દાનનો પ્રવાહ ચાલુ થાય તે માટે જૈન આગેવાનોનું ધ્યાન ખેંચવામાં આવે છે.

---

# શાણા શ્રીમન્તોનું હિત કર્તવ્ય.

લેખક–સદ્‌ગુણાનુરાગી કર્પૂરવિજયજી.

આપણા જૈન શ્વે૦ સમાજની આટ આટલી અવનતિ–સર્વતો મુખી અવનતિ પ્રત્યક્ષ થઇ રહેલી નજરે જોયા છતાં તેમાંના ઘણા ખરા શ્રીમંતો હજી સુધી ખરી દીલસોજી દર્શાવવા યોગ્ય પ્રયત્ન કરતા નથી, ને ગતાનુગતિક પણે લગભગ ચાલ્યા કરે છે. આ દેશમાં તેમજ અન્ય દેશોમાં અન્ય દીલસોજ શ્રીમંતો પોતાનો દ્રવ્ય પ્રવાહ કેળવણીના વિશાળ પ્રદેશમાં છૂટથી વહેવા દે છે તેમ આપણા જૈન શ્વેતામ્બર શ્રીમંતો સમયને બરાબર ઓળખી પોતાનો દ્રવ્ય પ્રવાહ એ જરૂરી દિશામાં વિવેકથી વાળે એ ભારે જરૂરનું છે; છતાં તેઓ તેની કેમ ઉપેક્ષા કરે છે? જો કે જૈન શ્રીમંતો પ્રતિવર્ષ લાખો રૂપીયા ખર્ચે છે ખરા, પરંતુ આપણા સમાજમાં ખરી કેળવણીનો પ્રચાર કરવા તેઓ બહુ થોડોજ ફાળો આપે છે. જેટલું દ્રવ્ય લોક દેખાદેખી કે વાહવાહ માટે કે સ્વેચ્છા મુજબ ખર્ચાય છે તેમાંથી ખુબ સફળતા મળે એવું ઉત્પાદક દ્રવ્ય કેટલું અને અનુત્પાદક દ્રવ્ય કેટલું ખર્ચાય છે; તેનો કંઇ હીસાબ છે? વિવેકને વિચાર પૂર્વક શાસન ને સમાજના સત્ય હિતાર્થે તેમાંથી કેટલું ખર્ચાય છે, તેનું કંઇ માપ છે? આ રીતે વિવેક રહિત થઇ રહેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્યવ્યયથી સમાજના પુનરૂદ્ધાર કે ઉન્નતિની આશા શીરીતે રાખી શકાય ? કંઇક શાન્તચિત્તથી વિચારી જોતાં તેમને સમયોચિત સ્વકર્તવ્યની આછી ઝાંખી થઇ શકશે ? કેટલાએક વર્ષો થયાં કંઇક શાસન પ્રેમી સેવા રસિક જનો હૃદયની ઉંડી લાગણીથી આપણા શ્વે. જૈન સમાજની પડતી સ્થિતિનું દીર્ઘ અવલોકન કરતાં રહી તેની હૃદય ભેદક વ્યવહારિક, નૈતિક તથા ધાર્મિક, અવનતિ સ્વ નજરે નિહાળી, તેનાં વાસ્તવિક કારણોની તપાસ કરી, તાત્કાલિક તેનાં ચાંપતા ઇલાજ લેવા માટે પોકારી પોકારી અનેકશઃ લેખો દ્વારા કે પત્રો દ્વારા સ્પષ્ટ જાહેર કરતા આવ્યા છે; પરંતુ જાણ્યે હજી કંઇ સમાજની અવનતિ થવામાં બાકી રહી હોય તે પૂરી થાય ત્યાં સુધી ઘણા ખરા શ્વે૦ શ્રીમંતો તેનો અમલ કરવાની ભયંકર ઉપેક્ષા કરતા રહ્યા છે, એ ભારે ખેદ ને શરમની વાત છે. અન્ય જૈન અને જૈનેતર સમાજોની કેળવણી પ્રમુખ પરત્વે થઇ રહેલી સતત પ્રગતિ જોતાં આપણો શ્વેતામ્બર સમાજ તેમાં કેટલો બધો પાછળ પડી ગયો છે તેનો વ્યાજબી ખ્યાલ કોઇક વિરલ સંશોધકનેજ આવતો હશે. આવી ભયંકર ઉપેક્ષાનું પરિણામ પણ એવુંજ ભયંકર આવવા સંભવિત છે, એથીજ હજી પણ કુંભકર્ણની જેવી ઘોર નિદ્રામાંથી કંઇક જાગ્રત થઇને આંખો ખોલીને જોવાય અને તેનો યોગ્ય પ્રતિકાર ( ઇલાજ ) કરાય કરી લેવાય તો વધારે સારૂ એમ મારૂં માનવું છે. જો આપણા શ્વે૦ સમાજને ટકાવી રાખો જૈન શાસનને શોભાવવા–દીપાવવાની ખરી ઇચ્છા અભિલાષાજ હોય તો હવે સવેળા ચેતીને મિથ્યા ભ્રમવશ થયેલી અને થતી આપણી સેંકડો ભૂલો સમજી સુધાર્યેજ છૂટકો. ઉન્નતિની ખરી દિશાને ઓળખી પૂરતી શ્રદ્ધાને હિમ્મતથી સાચામાર્ગે સંચરવાથીજ આપણો પુનરોદ્ધાર થવા પામશે. આપણી ભાવી સંતતિને સાચા માર્ગદર્શક થવાને આપણેજ સાચો માર્ગ દ્રઢતાથી આદરશું ત્યારે ને ત્યારેજ આપણી મુકિત છે.

## કષાય=( કષ+આય ).

કષ=સંસાર, તેનો આય=લાભ–વૃદ્ધિ કરે તે.

**કષાય**–ક્રોધ, માન, માયાને લોભ એ ચાર પ્રકારનો છે તે દરેકનું **પ્રશમરતિકાર** નીચે મુજબ વર્ણન કરે છે.

**ક્રોધ**–કષાય સહુને પરિતાપ કરનાર ઉદ્વેગ કરનાર અને વૈર–વિરોધ ઉપજાવનાર છે એટલુંજ નહીં પરંતુ તે ભવિષ્યમાં થનારી સારી ગતિને પણ અટકાવે છે.

**માન**–જ્ઞાન, આચાર અને વિનયને લોપનાર ધર્મ અર્થને કામમાં અંત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાય પાડનાર એવા માન-કષાયને ખરો વિદ્વાન થોડો વખત પણ સ્થાન આપતો નથી અર્થાત તેને ટકવા દેતો નથી.

**માયાવી**-પુરૂષે કદાચ કંઇ પણ અપરાધ કર્યો ન હોય તો પણ તે માયા દોષથી દૂષિત સતો સર્પની પેરે કોઇને વિશ્વાસ પાત્ર થઇ શકતો નથી. સર્વ વિનાશના મૂળ રૂપ અને સર્વ આપદાઓ પામવાના મુખ્ય માર્ગ રૂપ **લોભને** વશ થયેલ જીવને એક ક્ષણ પણ સુખ-શાંતિ કયાંથી હોય ? ઉકત ક્રોધ-માન-માયા અને લોભ અતિ દુર્જય છે તેમને વશ પડેલ જીવને એટલાં બધાં કષ્ટ સહવાં પડે છે કે તેનું પુરૂં વર્ણન પણ થઇ ન શકે. ટુંકાણમાં ક્રોધથી પ્રીતિનો વિનાશ થાય છે માન-અહંકારથી વિનય ગુણનો લોપ થાય છે, માયા-કપટ શઠતાથી વિશ્વાસ ભંગ થાય છે જેથી મિત્રતા ભાઇ ચારાનો નાશ થાય છે અને લોભથી સર્વ ગુણોનો વિનાશથાય છે.

## ક્રોધાદિક કષાયનો જય.

ક્ષમા-સમતા-ઉપશમ ભાવથી સહિષ્ણુતા કેળવી ક્રોધનો જય કરવો. મૃદુતા નમ્રતા વડે માન-અહંકારનો જય કરવો ઋજુતા-સરલતાના સેવનથી, માયા-કપટનોજય કરવો અને સંતોષ વૃત્તિ વડે લોભ તૃષ્ણાનો જય કરવો જોઇએ.

૧ દયા ધર્મનું મૂળ છે અક્ષમાળુ-અસહિષ્ણુ હોય તે દયાનેસાધી-આરાધી શકતો નથી. તેથી જે ક્ષમા પ્રધાન-ક્ષમાળુ ક્ષમાશ્રમણ હોય તે ઉત્તમ અહિંસા દયાધર્મને સાધી-પાળી-આરાધી શકે છે.

૨ સર્વે ગુણો વિનયને આધીન છે અને વિનયગુણ મૃદુતાને આધીન છે, તેથી જેનામાં સંપૂર્ણ મૃદુતા વસે છે તે સર્વ ગુણ ભાગી બની શકે છે.

૩ માયાવી જીવ વિશુદ્ધિ પામતો નથી. અશુદ્ધ આત્મા ધર્મને આરાધી શકતો નથી, ધર્મારાધન વગર મોક્ષ થતો નથી અને મોક્ષ ઉપરાંત બીજું કોઇ પરમ સુખ વિદ્યમાન નથી.

૪ લોભ-તૃષ્ણામાં તણાતો જીવ સુખશાંતિને પામતો નથી અને સંતોષ સમાન કોઇ સુખ નથી તેથી લોભ તજી સંતોષનોજ આશ્રય કરવો યુકત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દૈવી ઇચ્છા.

**વિઠ્ઠલદાસ મૂ. શાહ બી. એ.**

( અનુસંધાન ગતાંક પૃષ્ટ ૨૬૧ થી શરૂ. )

જો આપણે કોઇ ખાસ વિષયમાં આપણી અપૂર્વતા પ્રકટ કરવા ઇચ્છતા હોઇએ તો આપણા ઇચ્છિત વિષયમાં ઉચ્ચ આદર્શ સહિત પ્રવેશ કરવો જોઇએ અને જ્યાં સુધી સફલતા મેળવવામાં જરાપણ સન્દેહ નથી એમ જણાય ત્યાં સુધી આપણા અંતઃકરણને એમાંથી જરા પણ પાછું હઠાવવું ન જોઇએ.

પ્રત્યેક જીવન પોતાનાં આદર્શનું જ અનુકરણ કરે છે, આદર્શના રંગેજ રંગાય છે, અને આદર્શ અનુસાર તેનું ચારિત્ર ઘડાય છે. જો આપણને કોઇ મનુષ્ય નો આદર્શ જાણવાની ઇચ્છા હોય તો તેના ચારિત્ર અથવા સ્વભાવ તપાસીએ તો આપણને એના આદર્શની ખબર પડી જાય છે.

આપણો આદર્શ જ આપણાં ચારિત્રનું સંગઠન કરે છે, અને એમાં એવી શકિત રહેલી છે કે તે જીવનને વાસ્તવિક જીવનમાં પરિણત બનાવે છે. જુઓ ? કેટલા આશ્ચર્યની વાત છે કે જેવો આપણો આદર્શ હોય છે, જેવી આપણી માનસિક અભિલાષાઓ હોય છે, જેવા આપણા હાર્દિક ભાવ હોય છે તેની ઝલક આપણા મુખમંડળ ઉપર બરાબર જણાઇ આવે છે; એવું કદિ નથી બનતું કે તેનો ભાવ આપણા ચ્હેરા ઉપર ન ઝળકે, તેનું પ્રતિબંબ આપણી આંખોમાં ન દેખાય, એટલા માટેજ આપણા આદર્શને, આપણા મનોભાવને, આપણા વિચાર પ્રવાહને શ્રેષ્ઠતા અને દિવ્યતા તરફ જ ઝુકાવી રાખવા જોઇએ. આપણે પૂર્ણ નિશ્ચય, પૂર્ણ વિશ્વાસ કરી લેવો જોઇએ કે નિકૃષ્ટતા, હીનતા, નિર્બલતા, આધિવ્યાધિ, દરિદ્રતા અને અજ્ઞાનથી આપણું કંઇપણ શ્રેય નથી થવાનું. આપણને એવો દ્રઢ વિશ્વાસ હોવો જોઇએ કે આપણા હાથે હમેશાં સારૂં કાર્ય થવાનું, ખરાબ કદિપણ નહિ.

અહા ! એ કેવી દૈવી વસ્તુ છે, દિવ્ય પદાર્થ છે કે જે આપણા આત્માને ખરેખરો ઉંચે લાવે છે, અધ્યાત્મના આનન્દના ઉચ્ચ પ્રદેશપર પહોંચાડે છે ! તે એ શકિત છે કે જે આપણા આદર્શમાંથી ઉત્પન્ન થાય છે, તે એ જ્યોતિ છે કે જે નિર્મલ અંતઃકરણમાંથી નીકળીને આપણાં સમગ્ર જીવનને પ્રકાશિત કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણુને આપણા જીવનોદ્દેશ સફલ કરવામાં શ્રદ્ધાની પણ ઘણી સહાયતા મળે છે. જો એમ કહેવામાં આવે કે મનોવાંછિત પદાર્થનું મૂળ શ્રદ્ધા જ હોઇ શકે તો તેમાં લેશ પણ અત્યોક્તિ નથી. જો એમ કહેવામાં આવે કે શ્રદ્ધા જ આપણા આદર્શની બાહ્ય રેષા છે તો તે જરાપણ અનુચિત નથી, પણ આપણે શ્રદ્ધાથી જ અટકી ન જવું જોઈએ. આપણે જોવું જોઇએ કે શ્રદ્ધા ઉપરાંત અન્ય કોઇ વસ્તુ છે કે નહિ ? જરા ઉંડો વિચાર કરવાથી આપણુને ભાન થાય છે કે શ્રદ્ધા, આશા, હાર્દિક લાલસા વિગેરે મનોવૃતિઓની પાછળ એક અલૌકિક દિવ્ય પદાર્થ—સત્ય રહેલ છે જે સત્ય આપણી પ્રાકૃત અભિલાષાઓને સુસ્વરૂપ આપે છે.

ઉત્પાદક શકિતનો એવો એક નિયમ છે કે જે વિષે આપણે દૃઢતાપૂર્વક વિશ્વાસ ધારણ કરીએ તે આપણને અવશ્ય પ્રાપ્ત થાય છે. જો આપણે દૃઢ વિશ્વાસપૂર્વક માનીએ કે મને એક સુંદર મકાન રહેવાનું મળશે, હું સમૃદ્ધિવાન બનીશ, હું પ્રભાવશાળી પુરૂષ થઇશ, સમાજમાં મારૂં વજન પડશે તો આપણામાં એક પ્રકારની વિલક્ષણ ઉત્પાદક શકિતનો ઉદય થશે જે આપણાં મનોરથો ઉપર સફળતાનો પ્રકાશ પાડશે.

જો આપણે આપણો જીવનોદ્દેશ સફલ કરવા ઇચ્છતા હોઇએ, જો આપણે આપણા આદર્શને કાર્યમાં પરિણત કરવા ઇચ્છતા હોઇએ તો આપણે આપણા સમસ્ત વિચાર પ્રવાહને આપણા ઉદ્દેશની દિશા તરફ વ્હેવડાવવો જોઇએ. એકજ ઉદ્દેશની તરફ મન વચન અને કાયાને લગાડી દેવાથી સંસારમાં મહાન સફળતાઓ થયેલી જોવામાં આવે છે. આપણે દિવ્ય પદાર્થોની જ આશા કરવી. મને કોઇ દિવ્ય મહાન પદાર્થ પ્રાપ્તિ થવાની છે અને હું મારા જીવનોદ્દેશ પ્રત્યે પ્રગતિ કરી રહ્યો છું એવો આત્મવિશ્વાસ કરી લેવો જોઇએ. મારી શાશ્વત ઉન્નતિ થઇ રહી છે અને મારા આત્માનો પ્રત્યેક પરમાણુ દિવ્યતાને પંથે વિચરી રહ્યો છે એ વિચારમાં જ મસ્ત થઇ જવું જોઇએ.

અનેક મનુષ્યો કહ્યા કરે છે કે આવી જાતની સ્વપ્ન સૃષ્ટિ રચવાથી માત્ર કલ્પનામાં જ રહેવાથી અમે કંઇપણ કાર્ય નથી કરી શકતા, આ ફરિયાદ ભૂલ ભરેલ છે. અહિંઆ એમ કહેવાનો આશય નથી કે આપણે હંમેશા કલ્પના રાજ્યમાં જ રમણ કરવું, વિચારો જ કર્યા કરવા, મનોરથોજ બાંધ્યા કરવા, પરંતુ અમારો કહેવાનો આશય એ છે કે કોઇપણ કાર્ય શરૂ કરવા પહેલાં તે કાર્ય કરવાની દૃઢ ઇચ્છા કરી લેવી અને સમસ્ત વિચાર શકિત એમાં રોકી દેવી કે જેનાથી આપણુને ઘણી સારી સફળતા મળવા સંભવ છે. મનના વિચારોને મનમાં જ લય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન થવા દેવાને બદલે તેને દશ્ય રૂપમાં રાખવાની અત્યંત જરૂર છે એ પ્રથમથીજ કહેવાઇ ગયું છે, પરંતુ એટલું તો જરૂર કહેવું જોઇએ કે એ શકિતઓ મહાન કાર્ય સંપાદિકાઓ છે, પવિત્ર છે, દૈવી ઉદ્દેશને માટે આપણામાં રહેલી છે જેની સહાયથી આપણે સત્યનો પ્રકાશ જોઇ શકીએ છીએ.

હવાઇ કિલ્લા બનાવવા એ પણ નકામું નથી. કારીગર મકાન બાંધ્યા પહેલાં તેનો નકશો પોતાનાં મનમાં સ્થિર કરી લેછે. અને પછી તે અનુસાર મકાન બાંધે છે. સુંદર અને ભવ્ય મકાન બનાવ્યા પહેલાં પોતાના માનસિક ક્ષેત્રમાં તેની સુંદર અને ભવ્ય ઇમારત ખડી કરીને જોઇ લે છે. એ પ્રમાણે આપણે જે કાંઇ કાર્ય કરીએ છીએ, તેની સૃષ્ટિ પ્રથમ આપણા મનમાં ઉત્પન્ન થાય છે અને પછી તે દશ્ય રૂપમાં પરિણમે છે. આપણી કલ્પનાઓ આપણા જીવનરૂપી ઇમારતનું રેખાચિત્ર છે, પરંતુ જો આપણે એ કલ્પનાઓને સત્ય કરવા માટે જોઇએ તેવો પ્રયત્ન ન કરીએ તો તેનું રેખાચિત્ર જ માત્ર રહેવાનું. જેવી રીતે કારીગર મકાનનો કેવળ નકશોજ બનાવે અને તેને સત્ય રૂપમાં પ્રકટ ન કરે અર્થાત્ તે અનુસાર મકાન ન બનાવે તો તેની સ્કીમ નકશામાં જ રહેવાની તેવી રીતે આપણા વિચારોનું પણ સમજવું.—

જે જે મહાપુરૂષો થઇ ગયા છે, જેઓએ મહાન પદાર્થોની પ્રાપ્તિ કરી છે તેઓ સૌ પોતાનાં ઇચ્છિત પદાર્થોના સ્વપ્ન જ સેવ્યા કરતા હતા. જેટલી સ્પષ્ટતાથી જેટલા આગ્રહથી, જેટલા ઉત્સાહથી, તેઓએ પોતાનાં સુખ–સ્વપ્નની –આદર્શની સિદ્ધિ માટે પ્રયત્નો કર્યા તેટલી જ તેઓને સિદ્ધિ પ્રાપ્ત થઇ છે. તેથી આપણને આપણા આદર્શની પ્રત્યક્ષ સિદ્ધિ ન દેખાતી હોય એટલા માટે આપણે આદર્શને તજી ન દેવો જોઇએ. આપણે તો આપણી સમગ્ર શક્તિઓનો પ્રવાહ આપણા આદર્શ તરફ વાળીને તેની સિદ્ધિ માટે દ્રઢ શ્રદ્ધા રાખવી. એ આદર્શને હમેશાં પ્રકાશિત રાખવો. તેને કદિ પણ અંધકારમય કે મંદ ન થવા દેવો. હમેશાં આનન્દપ્રદ નવી નવી ઇચ્છાઓથી ભરપૂર વાતાવરણમાં જ રહેવું; એવાં જ પુસ્તકો વાંચવા કે જે આપણી અભિલાષાઓને પ્રોત્સાહન આપતા રહે. જેઓએ સફલતાનું રહસ્ય પ્રત્યક્ષ અનુભવ્યું હોય તેવા પુરૂષોનો જ સમાગમ રાખવો.

રાત્રે સુતા પહેલાં થોડી વાર શાંતિપૂર્વક બેસીને એકાગ્ર ચિત્તથી તમારા આદર્શનો વિચાર કરો. વિચાર સૃષ્ટિમાં એની મૂર્તિ જુઓ, આનન્દમાં મગ્ન થઇ જાઓ. તમારી કલ્પનાઓથી સ્વપ્નમાં પણ ન ડરો કેમકે એવો મનુષ્ય આત્મોન્નતિ નથી સાધી શકતો. જે પોતાના આદર્શનું સુખ–સ્વપ્ન નથી જોતો તેનું પતન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે. આપણામાં ભય ઉત્પન્ન કરવા માટે સ્વપ્નની શક્તિ આપણામાં નથી રહેલી, તેની પાછળ એક સત્ય રહેલું છે જે એક દિવ્ય બક્ષીસ છે. જે દૈવી ખજાનામાંથી આપણને દિવ્ય ધન આપે છે અને સાધારણ પુરૂષોની શ્રેણીમાંથી આપણને અસાધારણ પુરૂષોની શ્રેણીમાં મૂકે છે. ખરાબ સ્થિતિમાંથી દિવ્ય આદર્શપર લઇ જાય છે.

આપણે આપણા હૃદયના આનન્દમય ભુવનમાં આદર્શનો જે આભાસ જોયા કરીએ છીએ તે આપણને અસફળતા અને આશાભંગથી હતધૈર્ય થતા અટકાવે છે.

અહિંયાં સ્વપ્નોનો અર્થ એ સ્વપ્નો નહિ કે જે કેવળ તરંગવત્ અને ક્ષણિક હોય છે, પરંતુ એ સાચી અને પ્રાકૃત અભિલાષા અને એ પવિત્ર આત્મિક આકાંક્ષાઓ છે કે જે આપણને હંમેશાં એક જ વસ્તુનું સ્મરણ કરાવે છે કે આપણે આપણું જીવન દિવ્ય અને મહાન બનાવવું જોઇએ. જે આપણને એવી જ સૂચના કરે છે કે તમે ખરાબ પરિસ્થિતિમાંથી નીકળીને એ આદર્શો પ્રત્યક્ષ કરી શકો છો કે જે આદર્શો તમે તમારા કલ્પના રાજ્યમાં જોયા કરો છો. આપણી પ્રાકૃત અભિલાષાઓની પાછળ એક જાતનું ઐશ્વર્ય રહેલું છે. દૈવી અને ફલપ્રદ ઇચ્છાઓ એ છે કે જે આપણા આદર્શની સિદ્ધિમાં સહાયક બને છે, જે આપણને પૂર્ણતાએ પહોંચવામાં આત્મવિકાસ કરવામાં મદદગાર બને છે.

આપણી માનસિક વૃત્તિઓ, આપણી હાર્દિક ઇચ્છાઓ આપણી હંમેશની પ્રાર્થનાઓ છે, એ પ્રાર્થના પ્રકૃતિદેવી સાંભળે છે અને તેનો યોગ્ય જવાબ આપે છે. એ માની લે છે કે આપણો અંતરાત્મા જે વસ્તુનું સૂચન કરે છે તે વસ્તુ આપણે ઇચ્છીએ છીએ અને તે આપણને મદદ કરવા લાગે છે. આપણી ઇચ્છાઓ જ આપણી હંમેશની પ્રાર્થનાઓ છે એ વાતનું જ્ઞાન પણ થોડા લોકોને હોય છે, એ પ્રાર્થનાઓ નકલી નહિ, બનાવટી નહિ, પરંતુ શુદ્ધ હૃદયમાંથી નીકળેલી હોવાથી આત્મિક છે અને તેનું સુફલ આપણને જરૂર મળે છે.

આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે આપણા આત્મામાં એક દૈવી ઉપદેશક રહેલો છે તે આપણું દરેક વખતે રક્ષણ કરે છે, આપણને યોગ્ય માર્ગ બતાવે છે, અને આપણા દરેક પ્રશ્નનો ઉત્તર આપે છે. જે મનુષ્ય પોતાના માનસિક ભાવો સ્થિર કરીને ઉત્સાહ અને પ્રમાણિકતા પૂર્વક પોતાનો ઉદ્દેશ સિદ્ધ કરવા ઇચ્છે છે, તે જરૂર થોડોઘણો કે પુરેપુરો સિદ્ધ કરશે.

આપણી હાર્દિક ઇચ્છાઓ આપણા અંતર્બળને ઉત્તેજીત કરે છે, આપણી શક્તિઓને બલ આપે છે, આપણી યોગ્યતાને વધારે છે. પ્રકૃતિદેવીની એવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુકાન છે કે જ્યાં એક ચોક્કસ કિંમત કહેવામાં આવે છે, અને દરેક મનુષ્ય એ કિંમત આપીને દરેક ચીજ ખરીદી શકે છે.

જ્યારે આપણે જોઇએ છીએ કે કરોડો મનુષ્યોમાં કોઇ વિરલ મનુષ્ય પોતાની પૂર્ણ અવસ્થાએ પહોંચે છે અને અનેક મનુષ્યો અર્ધ વિકસિત થયા પહેલાં જ કાળનો ભોગ બની જાય છે ત્યારે આપણે માનવું પડશે કે એમાં પણ કંઇક ભૂલ રહેલી છે. શું આપણું જીવન–વૃક્ષ તેના સમય પહેલાં મરી જાય છે? આપણામાં મનની શકિત હોવા છતાં શું આપણું જીવન ફૂલ અર્ધ વિકસિત થયા પહેલાંજ વૃક્ષ ઉપરથી પડી જાય છે? તો આપણે માનવું પડશે કે એમાં પણ કોઇ સ્થળે આપણી ભૂલ રહેલી છે.

જ્યારે આપણે અન્ય મનુષ્યોના જીવનની તુલના કરીએ છીએ ત્યારે આપણને ખબર પડે છે કે માનવ–જીવનને માટે પુરેપુરો આત્મ–વિકાસ કરવો યોગ્ય અવસર છે. જો આપણે આપણા દિવ્ય સ્વપ્નોનું અનુકરણ કરતા રહેશું તો આપણી ઇચ્છાઓ સફળ થવાનો આપણા આદર્શો સિદ્ધ થવાનો સમય જરૂર આવશે; કેમકે તે બીડાયલી પાંખડીઓ સમાન છે કે જે યોગ્ય સમય આવતાં ખીલે છે અને પોતાની સુગંધ તથા સુંદરતા વડે વાતાવરણને સુગંધમય બનાવી મુકે છે, પછી કોઇપણ પ્રકારનો ક્ષય એના વિકાસને રોકી શકતો નથી.

હવે આપણે સમજવા લાગ્યા છીએ કે દરેક મનુષ્યમાં કોઇ એવી સામગ્રી મોજુદ છે કે જે તેને પૂર્ણ આદર્શ મનુષ્ય બનાવી શકે છે. જો આપણે આપણા આદર્શોને મજબુત પકડી રાખીએ, સાંસારિક કષ્ટોથી ગભરાયા વગર મન વચન કાયાથી આપણા જીવનોદ્દેશની પાછળ ચાલીએ તો આપણામાં માનુષી શકિત-ઓનો આવિર્ભાવ થઇને આપણી સફળતાપર પ્રકાશ પડશે એમાં લેશ પણ શંકાને સ્થાન નથી.

‘ પૂર્ણ બનો ’ એ ઇશ્વરી આજ્ઞા અર્થ વગરની નથી. દરેક મનુષ્યમાં આત્મ વિકાસ કરવાની અનંત શકિત પણ રહેલી છે એ વાત અક્ષરશ: સત્ય છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્ત્રી વિભાગ વાંચન.

## સ્ત્રીઓની નીતિ અને ધર્મ.

લેખીકાઃ—એક બ્હેન.

પ્રીય બ્હેનો !

આ સંસારમાં કઇ સ્ત્રીઓ સુશોભિત છે તેને માટે બે મત છે. કેમકે સ્ત્રીઓનું સૌભાગ્ય બે ભાગમાં વહેંચાયેલું છે. (૧) બાહ્ય સૌન્દર્ય (૨) આભ્યાન્તર સૌન્દર્ય.

(૧) બાહ્ય સૌન્દર્ય એ શરીરની ટાપટીપ, સુશોભીત પહેરવેશ, ફેશનની પ્રીશયારી, ઝવેરાતના ચકચકીત દાગીના, અને લટક મટક ચાલવાની ચાતુર્યતા, આ બાહ્ય સૌન્દર્યના અંગ છે.

(૨) આભ્યાન્તર સૌન્દર્યતામાં મનની શુદ્ધિ શુદ્ધ જ્ઞાન, સત્ય ધર્મનું ભાન, નીતિનો સત્કાર, વિનયનો આદર અને સદ્ગુણોનો સ્વીકાર એ મુખ્ય ગુણો તે આભ્યાન્તર સૌન્દર્યતાના અંગ છે.

વ્હાલી બ્હેનો ! આપણે કયું સૌન્દર્ય મેળવવાની જરૂર છે ? કયું સૌન્દર્ય આપણુને એક પવિત્ર ભારત મહીલાની પદ્વી પ્રાપ્ત કરાવશે ? કયું સૌન્દર્ય આપણુને મોક્ષનો માર્ગ બતલાવવા દેદીપ્યમાન રોશની આપશે ? કયું સૌન્દર્ય આપણુને આ ભૂમિમાં જ સ્વર્ગના સુખનો અનુભવ કરાવશે ? કયું સૌન્દર્ય આપણુને આપણા વિદ્વદ્ મંડળમાં સત્કાર કરાવશે ? ઉત્તર એની મેળેજ થઇ જાય છે કે આભ્યાન્તર સૌન્દર્ય આપણા માટે ઇષ્ટ છે. સદ્ગુણના અલંકારો જ આપણા માટે સુખરૂપ છે. નીતિ અને ધર્મનું વર્તન જ આપણા માટે મોક્ષની શ્રેણી છે, અને સદ્વિદ્યાનું દ્રવ્ય જ આપણે માટે અચળ ભંડારરૂપ છે.

ત્યારે બ્હેનો ! આપણે હાલ કયા સૌન્દર્ય ઉપર મોહ પામી રહ્યાં છીએ. કયા અલંકારો મેળવવાનું ચિન્તવન કરી રહ્યા છીએ, કઇ જાતના કપડાં ખરીદવાની કોશીષ કરી રહ્યા છીએ, આપણો સઘળો વખત શરીરની ટાપટીપમાં કયા હેતુથી ગુજારી રહ્યા છે, જ્યારે આપણે સત્ય બોલવાનું પ્રથમથી જ સ્વીકારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લઇએ તો કહેવુંજ પડશે કે અમારૂં મન ઝવેરાત તરફ ચોટેલું છે, નવીન ફેશનની હીરા જડીત બંગડીઓ કેમ મળે ? ભારે સાડી મારા પતિ મને ક્યારે લાવી આપશે ? અને હું ક્યારે પહેરીશ ? એવા વિચારો હરદમ આપણને થયા કરે છે; પરન્તુ આપણે વર્ષમાં એક દિવસ પણ એમ વિચારતા નથી કે જે દિવસે આપણે શાન્ત મનથી આપણે એવો વિચાર કર્યો હોય કે હું કોણ છું, ક્યાંથી આવી, મારૂં કર્ત્તવ્ય શું, અને હું કયું જ્ઞાન મેળવું કે જે જ્ઞાન મને, મારા આત્માને, મારા સ્વામીને, મારા કુટુંબને અને મારા દેશને કંઇ લાભકર્ત્તા થાય. હું મારો ધર્મ બરાબર જાળવું છું કે નહીં ? સ્ત્રીઓએ જે નીતિરૂપી તલવારની ધાર ઉપર ચાલવું જોઇએ તેવી નીતિ મારામાં છે કે નહીં ? ન હોય તો કેવી રીતે મેળવી શકું ? હું મારા સ્વામીની સેવા યથાર્થ રીતે બજાવી શકું, અને તેમને મદદગાર નીવડી સુખ અને આનન્દમાં રાખી શકું. જ્યારે સોના રૂપાના દાગીના અને મુલ્યવાન કપડાં મેળવવા તરફ જેટલા અંશે આપણી વૃત્તિઓ દોડાદોડ કરે છે, તેટલા જ અંશે જ્યારે શુદ્ધ નિતિના અલંકારો મેળવવા માટે આપણી વૃત્તિઓ કામે લાગશે, ત્યારે નક્કી સમજવું કે આપણે માટે આ સંસારમાં દુઃખરૂપ સમુદ્રનું પાણી સુકાઇ ગયા વગર રહેશે નહીં.

સુજ્ઞ બ્હેનો ! સ્ત્રીઓને લક્ષ્મીને નામે શા માટે ઓળખવામાં આવતી હશે ? તેનો કોઇ દિવસે પણ તમને વિચાર થાય છે. પુરૂષ જે દ્રવ્ય કમાય તેના કરતાં કંઇક ઓછુ ખર્ચ કરવાની નિતિ જો સ્ત્રીઓમાં દાખલ થાય અને ઉપજ કરતાં ખર્ચ વિશેષ ન કરે, ખર્ચ કરે તે પણ વિવેકથી અને કરકસરથી કરવામાં આવે તો લક્ષ્મીનો વધારો થાય, અને તેવી સુઘડ સ્ત્રીઓની બાહોશીથી જેના ઘરમાં લક્ષ્મી વધે તે ઘરની સ્ત્રી એ સાક્ષાત લક્ષ્મી જ છે; પરંતુ આપણે જોઇએ છીએ તો જણાય છે કે આપણું દ્રવ્ય વિવેકવિના આડે માર્ગે ઘણું મોઝ શોખમાં ખર્ચાઇ જાય છે, ખોટા રોફ રાખવા તથા ઢોંગી ધુતારાઓથી છેતરાઇને કુપાત્રે દાન આપવામાં અને મ્હોટાઇ મેળવવામાં ખર્ચાઇ જાય છે; પરન્તુ કેળવણીને ઉત્તેજન આપવામાં, અનાથોનું રક્ષણ કરવામાં, ધર્મની ઉન્નતિ કરવામાં અને દેશનો ઉદય કરવામાં પૈસા આપવામાં આપણી ફરજ સમજતાં નથી. આવક કરતાં ખર્ચ ઓછું રાખવાની બાબત ધારણ કરવી તે વાત તો ક્યાં રહી, પણ આપણા મનની ગમતી ચીજો મરીને, જાતે વેચાઇને, કરજ કરીને પણ આણી આપવા આપણે પુરૂષોને સંતાપીએ છીએ, તેમનું લોહી ઉકાળીએ છીએ, તેમને સુખ અને આનન્દ આપવાને બદલે શોકાગ્નિમાં બાળી મૂકીએ છીએ, કરજદાર કરીને દેવામાં ડૂબાવી દઇએ છીએ. ઘરબાર વેચાવી દઇએ છીએ. અને અન્તે આપણે જાતે જ તેના દાસ થઇ રહીને પણ તેનું કરજ પુરૂં કરીએ છીએ. માટે હે સન્નારીઓ ? તમો હજુ કંઇ ચેતો, એક સ્ત્રી રત્ન તરીકે કિંમતી બનો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું એમ કહેવા આપને નથી ઇચ્છતિ કે બાહ્ય સૌન્દર્યની જરૂર નથી, પરન્તુ ફાટી ગયેલા દૂધમાં સાકર ભેળવવા જેવું કરશો નહી. મતલબ કે આભ્યાન્તર એટલે અંદરનું સૌન્દર્ય મેળવવાની સાથે બાહ્ય સૌન્દર્ય સાચવશો.

આપણે એક દાખલો લઇએ. એક સ્ત્રી પોતાનો પતિ ધંધાથી પરિશ્રમીત થઈ ઘેર આવે છે આવતાં જ તેની સ્ત્રી કહે મારે અમૂક ઘરેણું જોઇએ, આજે મારી સાસુએ મને તિરસ્કાર કર્યો; આજે નણંદે મને ગાળ ભાંડી, પાડોસણે મને મ્હેણું માર્યું આ સ્ત્રી તેના પતિને શું શ્રાપ રૂપ નથી ? દુઃખના દરિયા જેવી નથી ?

એક સ્ત્રી પોતાના સ્વામિને હંમેશ હાસ્ય મુદ્રાથી વધાવીલે છે, ઉષ્ણ જળથી તેના થાકને ઉતારી દે છે, સ્વાદિષ્ટ ભોજન પીરસી તેની ક્ષુધા તૃપ્ત કરે છે, મધુર વચનથી પતિને આનન્દમાં રાખે છે, તેના દુઃખમાં દુઃખી અને સુખમાં સુખ માને છે, આજ્ઞાને આધીન રહીને એક દાસી તરીકે તેની સેવા બજાવે છે શું ? આ સુઘડ સ્ત્રી તેના પતિને મદદગાર અને વફાદાર નથી ? કારણકે તે પોતાનો ધર્મ જાણી તેમ વર્તે છે.

એક સ્ત્રી રંગે ગૌર છે, રૂપે રંભા જેવી છે, દાગીનાથી શણગારેલી છે, કપડેલત્તે ભભકાદાર રહે છે, પણ તેને જુઠું બોલવાની ટેવ છે, નિન્દા કરવામાં પ્રખ્યાત છે, રસ્તે ચાલતાં કજીઓ કરવામાં મશહુર છે, અભિમાનમાં મગ્ન છે, એક અક્ષરનું પણ જ્ઞાન નથી, શું તે સ્ત્રી તેના પતિને, તેના કુટુંબને, અને દેશને સહાયક થઇ પડશે ? અભિમાનનું ઝેર તેને દુઃખી કર્યા વગર રહેશે ? પહેરેલા દાગીના સર્પની માળા સમાન ગણાશે, ખરેખાત તે ઉજળું સોમલ સમાનરૂપ કુટુંબનો નાશ કરવામાં જ ઉપયોગી થશે. બીજી તરફ એક સ્ત્રી ભલે દાગીનાથી રહીત હોય, રૂપવાન ન હોય, પરન્તુ સાચી કેળવાએલી હોય, નીતિથી ચાલનારી હોય, કલેશની શત્રુ હોય, નમ્રતાથી બોલનારી હોય તે ગમે ખરાબ સ્થીતિમાં એક નીર્જન અરણ્યમાં પણ લક્ષ્મીરૂપે છે. સંકટના સમુદ્રમાં ગોથા ખાતી વખતે પણ તેવી સુઘડ સ્ત્રીના દીલાસાનું નાવ આશ્વાસન આપે છે.

જે સ્ત્રી નીતિવાન નથી, જે સ્ત્રી પોતાની ફરજ સમજતી નથી, તે સ્ત્રી દુનીયાને બોજારૂપ છે, કુટુંબને હાનીરૂપ છે, કારણકે સ્ત્રીની અંદર રહેલા દુરગુણો તેના બાળકોને વારસામાં મળે છે, અને તેના તેવા સંસર્ગથી આખુ કુટુંબ દુરગુણી થવાનો સંભવ છે.

બ્હેનો ? આપણે સ્ત્રીઓ જો મોક્ષનો કીનારો સ્વપ્નમાં પણ નીહાળવાની ઇચ્છા રાખતાં હોઈએ તો આ સંસાર સમુદ્રમાં નીતિનું નાવ હમેશાં દુરસ્ત રાખવું જોઇએ. પ્રીય બ્હેનો સ્ત્રીઓની નીતિનો વિષય ઘણો બ્હોળો છે, તે પુરેપુરો ચર્ચાવતા આખો ગ્રંથ થઇ જાય. પરન્તુ તેનું તાત્પર્ય એટલું જ છે કે સ્ત્રીનું બાહ્ય સૌન્દર્ય અને અંદરનું નીતિમય એ બન્ને સૌન્દર્યથી યુકત સ્ત્રી હોય તો તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોનામાં સુગંધીતા મેળવ્યા સમાન છે. સ્ત્રીને પોતાના સ્વામીના કલ્યાણમાં જ પોતાને મોક્ષ માનવાનો છે, પતિ સેવા, કુટુંબનું રક્ષણ, ધાર્મિક તથા વ્યવહાર, જ્ઞાન, મા બાપ અને સાસુ સસરાની ભક્તિ, પોતાના બાળકો પ્રત્યેની ફરજ, સંતોષ અને સહન શીલતાના સદ્‌ગુણો, વિનય અને દયાનું આચરણ એટલી બાબતો પ્રતિદિન મનન કરી તે પ્રમાણેનું વર્તન રાખવું તથા સદાચાર પાળવો, અનાચારથી દૂર રહેવું એ સ્ત્રીઓનું મુખ્ય કર્તવ્ય, અને એજ નીતિ, તથા એજ ધર્મ છે.

શ્રી જીનેશ્વર પરમાત્મા મારી પ્રિય બ્હેનોને એ માર્ગે પ્રેરે એવી જીજ્ઞાસા સાથે આ વિષય હું સમાપ્ત કરૂં છું.

## પ્રશ્નોત્તર સમસ્યાઓ.

( ભાગ ૪ થો. )

( રચનાર શાહ છગનલાલ નહાનચંદ નાણાવટી.

દોહરા.

નામ શું યશોદા કંથનું, વિશ્વવંદ્ય કોણ હોય ?
ઉત્તર મોઘા મુલ્યનો, દ્વીપ [1]**નંદિશ્વર** સોય ? ૧
આત્મ ગુણ કહ્યા કેટલા, ૧૦૦ ધારણ શું નામ ?
**ત્રિશલા** માત સોહામણાં, દો ઉત્તર ઠરી ઠામ. ૨
સરોવર કયું હિમાલયે, કરે કોણ દુંદુભિનાદ ?
**માન-દેવ** સૂરિ-મન ગમે, અહોનિશ કરજો યાદ ૩
કોણ ધારે મણી મસ્તકે, કોણ બાણાવળી શ્રેષ્ટ ?
**નાગાર્જુન**[2] રસયોગી છે, ઉત્તર દેજો નેટ ૪
કોણ કસે અંગબળ અધિક, કોણ કરે હોડે વાદ ?
ઉત્તર **મલ્લ-વાદી** ગુરૂ, વિશ્વ વિષે વિખ્યાત ૫
જ્યોતિષ યોગ પંચમ કયો, કોણ ધારે મૌન વ્રત ?
**શોભન-મુન** ઉત્તર દઇ, ખાઓ ખાંડને ઘ્રત ૬
નામ શું નવમી રાસીનું, કોણ વ્યાપક ઘટઘટ ?
ધન્ય [3]**ધનેશ્વર** સૂરિએ, દો ઉત્તર ચટપટ ૭
વ્રત કયું ગૌરવ ભર્યું, શું લહે સજ્જન ચિત્ત ?
**શિલગુણસૂરિ** સમરણ થકી, તન મન થાય પવિત્ર ? ૮

૧ નંદ+ઇશ્વર-નંદિશ્વર, ૨ નાગ-+અર્જુન-નાગાર્જુન ૩ ધન +ઇશ્વર-ધનેશ્વર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ॐ

## સૂરીશ્વર શ્રી આત્મારામજી મહારાજની

# જયન્તિ–અષ્ટક.

( કુમતાને જાદુ ડારા એ ચાલ. )

શ્રી ગુરૂદેવ નમન કર આજે, જેની જયન્તિ અનુપમ રાજે....શ્રી.

"આતમરામ"–**આનંદવિજયવર,** શાસ્ત્ર વિશારદ શાણા;
**સૂરિવર**––ગુરૂવર––મુનિવર માનું, સમય સૂચક સમજાણા.....શ્રી. ૧

જ્ઞાતા ષટ્ દરશનના જાનો, તાત્વિક તારણ કાઢી;
સમજાવે સહુ જનને સ્નેહે, વરસે મેઘ અષાઢી.....શ્રી. ૨

સ્યાદ્વાદ્‌વાદી વિદ્વદવર, ન્યાયાંભો નિધિ પુરા;
સંશય છેદક શુદ્ધ પ્રરૂપક, કર્મ કઠિન કરે ચૂરા.....શ્રી. ૩

ફરકાવ્યો ધ્વજ જૈન ધર્મનો, વિચરી વિવિધ પ્રદેશે;
ભારત ભૂષણ દૂષણ વિણ એ, જૈની તત્ત્વ ઉપદેશે.....શ્રી. ૪

**સન્દેશ** શ્રી **મહાવીરનો** સુંદર, અર્પે શુદ્ધ સ્વભાવે;
શૌર્ય સહિત "અહિંસકતા" ના, પ્રેરક પૂર્ણ કહાવે.....શ્રી. ૫

અજ્ઞાન તિમિર ભાસ્કર એ આદિ, ગ્રંથ અપૂર્વ બનાવી;
**જૈનીઝમ** વિસ્તારે જગમાં, દૈવી ફરજ બજાવી.....શ્રી. ૬

જીવન જેનું વિશુદ્ધ જણાએ, જેહ **આદર્શ** પ્રમાણું;
**મીમાંસા** તેની કરી આજે, ગુણી ગુણ ગ્રહવા ટાણું.....શ્રી. ૭

પારસ સ્પર્શ થકી જ્યું લોહા, કાંચન શુદ્ધ સુહાવે;
સાત્વિક સંત સમાગમ થાતા, **આતમ** આનંદ પાવે.....શ્રી. ૮

સં. ૧૯૮૫ જેઠ શુકલ ૮
મુંબઇ ૩

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ચર્ચા–પત્ર.

# વિદ્યાર્થીઓ અંગે.

વિદ્યાર્થીઓને અંગે ભાઈ મણીલાલ ખુશાલચંદ ગતાંકમાં લખે છે જેનો ભાવાર્થ એવો છે કે ચાલુ સમયના વિદ્યાર્થીઓ અનેક ઉપાય કરવા છતાં માનતા નથી તેનું કારણ શું ?

આ પ્રશ્નના ઉત્તરને અંગે બાળ; વિદ્યાર્થીઓ કે પુખ્ત વિદ્યાર્થીઓ માટે સમજણ આપવાનું મુખ્ય કેન્દ્ર વાતાવરણ જ છે. બાળક અને વિદ્યાર્થીની આસપાસ શુદ્ધ વાતાવરણ હોવું જોઇએ. જે નથી. માબાપો કે શિક્ષકોના શરમાવવા, દબાવવા કે લાલચો આપવાથી વિદ્યાર્થીઓ કદી સમજી શકવાના નથી, પણ તેઓના વાલીઓએ તેઓને નવાજ વાતાવરણ અને શિક્ષણ પદ્ધતિ નીચે મુકવા જોઇએ, જે વાતાવરણમાં શિક્ષકો તેમને કેવળ પ્રેમ અને પ્રેમનાજ વશીકરણથી વશ કરી શકે. બીજું કોઈ વશીકરણ કે મંત્ર નથી જે વડે વિદ્યાર્થીઓ તુરત સુધરી જાય.

આ સંબંધમાં તા. ૨–૬–૨૯ ના ' નવજીવન ' માં મહાત્મા ગાંધીજીએ ' આદર્શ બાલ મંદીર ' નામના લેખમાં કેટલુંક લખેલું છે જે મને ઉપયોગી લાગવાથી થોડુંક ઉતારૂં છુ.

" બાળકો આપણી ઇચ્છા–અનિચ્છાએ પણ કંઇક સારી કે ખરાબ કેળવણી પામી રહ્યા છે. "

" બાળકોને લિપિજ્ઞાનમાં રોકવા એ તેમના મન ઉપર અને તેમની બીજી ઈંદ્રિયો ઉપર દબાણ મુકવા બરોબર છે. "

" બાળક અક્ષરજ્ઞાન પામે તે પહેલાં તેને પ્રાથમિક કેળવણી મળી જવી જોઇએ. આમ કરવાની આ ગરીબ મુલકમાં અનેક વાંચનમાળા અને બાળપોથીઓના ખર્ચમાંથી અને અનર્થમાંથી બચી જવાય "

" ધારો કે એક માતારૂપી સ્ત્રીના હાથમાં પાંચ બાળકો આવ્યા છે. આ બાળકોને નથી બોલતા કે ચાલતા આવડતું. પહેલો પાઠ તેમને ઢંગમાં લાવવાનો હશે. માતા તેમને પ્રેમથી નવડાવશે. કેટલાક દહાડા સુધી માત્ર વિનોદજ કરશે અને અનેક રીતે જેમ આજ લગી માતાઓએ કર્યું તેમ માત્ર બાળકોને પોતાના પ્રેમપાશમાં બાંધશે અને જેમ નચાવવા માગે તેમ નાચતા બાલકોને શીખવી દેશે " કૌશલ્યાએ બળરામના પ્રત્યે કર્યું તેમ માતા બાળકોને પોતાના પ્રેમપાશમાં બાંધશે.

જ્યાં લગી એ બાળકો સ્હેજે સાફ થયા નથી, તેમનાં દાત, કાન, હાથ, પગ જોઇએ તેવા નથી થયાં, તેમના ગંધાતા કપડા જ્યાં સુધી નથી બદલાયા, જ્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધી 'હું' નો 'શું' નથી થયો ત્યાં સુધી તે (માતા) જપવાળીને બેસવાની નથી, આટલો કાણુ મેળવ્યા પછી માતા, બાળકને પહેલો પાઠ રામ નામનો આપશે તે રામને કોઇ રામ કહેશે, કોઇ રહેમાન કહેશે (જૈન સંસ્કાર પ્રમાણે નવકાર મંત્ર શીખવશે.)

ધર્મ પછી અર્થ હશેજ તેથી માતા અંકગણિતનો આરંભ કરશે. બાળકોને પલાંખા આપશે ને સરવાળા બાદબાકી તે મોઢેથી શીખવશે. બાળકોને પોતે જ્યાં રહેતા હોય, તે જગ્યાનું ભાન હોવુંજ જોઇએ, તેથી તેની આસપાસના નદી નાળાં ટેકરા મકાનો બતાવશે. ને તેમ કરતાં દિશાનું ભાન તો કરાવી દેશેજ અને **બાળકોની ખાતર તે પોતાનું જ્ઞાન વધારશે.**

ભાવનાશાળી માતા રોજ તૈયાર થઈને શિખવે ને પોતાની નોંધપોથીમાં નવી વાતો નવા દાખલા વિગેરે રચે ને બાળકોને શિખવે.

"આ લેખમાં કયાંયે શિક્ષિકા શબ્દનો ઉપયોગ નથી કર્યો. શિક્ષિકા તે માતા છે. જે માતાનું સ્થાન ન લઈ શકે તે શિક્ષિકા થાયજ નહિ. બાળક કેળવણી લે છે તેવું બાળકને લાગવું ન જોઇએ."

"આ અસ્તવ્યસ્ત થઇ ગયેલા જીવનમાં સ્ત્રી શિક્ષિકાઓ કદાચ ન મળી શકે; પુરૂષો મારફતેજ બાળશિક્ષણ હાલ સંભવે, એમ ભલે હોય તો પુરૂષ શિક્ષકે માતાનું મહાપદ મેળવવું પડશે."

મહાત્માજીનો આખો લેખ અત્રે આપેલ નથી જે પુરો વાંચી લેવા સર્વને મ્હારી ભલામણ છે.

આમાં તો બાળકોના માટેનું પ્રાથમિક શિક્ષણ છે. જેઓને આવું પ્રેમમય શિક્ષણ મળશે તેઓ ભવિષ્યમાં એટલે ઉંચા ધોરણોમાં પણ ઠીક તૈયાર થમાં હશેજ

આજકાલ માબાપો તેઓના નાના બાળકોને લપ માનીને ગમે તેવી શાળામાં હડસેલી દે છે અને પછી શાળા પાસેથી મોટી આશા બાંધે છે. આચારભ્રષ્ટ એવા કેટલાક માબાપો પોતે શું કરે છે તેનું ભાન નથી રાખતા અને હમેશાં સાચી યા ખોટી રીતે આજ્ઞાધિનતાની આશા રાખે છે એટલે બાળક ગુલામ જેવાજ રહે તેમ ચાહે છે. બાળકને અને વિદ્યાર્થીઓને આપણે સારા કરવા ઇચ્છીએ તો તેઓને ગંદા વાતાવરણમાંથી કાઢી તેને સુયોગ્ય સ્થળે મુકવા જોઇએ, અગર ઘરનું વાતાવરણ એકદમ સ્વચ્છ કરવું જોઇએ. બાળકો નિશાળ કરતાં ઘરમાં વધારે શિક્ષણ મેળવે છે. ટુંકામાં જ્યાં સુધી બાળકોને અને વિદ્યાર્થીઓને માતાનઃ જેવા મહા પ્રેમમય વાલીઓ અને શિક્ષકો નહિ સાંપડે ત્યાંસુધી આપણે શું આશા રાખીએ? એટલે હાલ તુરત બાળકો અને વિદ્યાર્થીઓનો અંશમાત્ર દોષ જોવાની જરૂરત નથી લાગતી.

**લાલચંદ જયચંદ વોરા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## આ સભાનો ૩૩ મો વાર્ષિક મહોત્સવ—

**સભાની વર્ષગાંઠનો મંગળમય દિવસ જેઠ શુદ ૭ અને પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની જેઠ શુદ ૮ ના રોજ આ સભાએ ઉજવેલ જયંતી.**

આ સભાને તેત્રીશમું વર્ષ પુરૂં થઇ જેઠ શુદ ૭ ના રોજ ચોત્રીશમું વર્ષ બેસતું હોવાથી દરવર્ષ મુજબના કાર્યક્રમ અને ધોરણ અનુસાર નીચે મુજબ ધાર્મિક કાર્યો કરવામાં આવ્યાં હતાં.

૧ જેઠ શુદ ૭ ગુરૂવારના રોજ આ સભાના મકાન ( આત્માનંદ ભવન ) ને ધ્વજા તોરણ વગેરેથી શણગારી સવારના આઠ વાગે પ્રથમ પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની છબી પધરાવી સભાસદોએ પૂજન કર્યું હતું, ત્યારબાદ કલાક પછી નવવાગે સભાના મકાનમાં પ્રભુ પધરાવી આચાર્ય શ્રીમદ વિજયવલ્લભસૂરિ મહારાજ કૃત શ્રી પંચપરમેષ્ટિની પૂજા ભણાવવામાં આવી હતી ચતુર્વિધ સંઘે તેમાં ભાગ લીધો હતો.

તેજ દિવસે સાંજે ક. ૭–૨૦ ની ટ્રેનમાં ( દરવર્ષ મુજબ પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રીમદ વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની જયંતી જેઠ શુદ ૮ શુક્રવારના રોજ ઉજવવાની હોઇ ) શ્રી સિદ્ધાચળજી ( પાલીતાણા ) સુમારે ચાળીશ સભાસદ બંધુઓ ગયા હતા.

૨ જેઠ શુદ ૮ શુક્રવારના દિવસે શ્રી સિદ્ધાચળજી ઉપર શ્રી **આદીશ્વર પ્રભુના મંદિરમાં** આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ કૃત શ્રી નવાણું પ્રકારી પૂજા બહુ જ આનંદ અને ઉત્સાહપૂર્વક ભણાવવામાં આવી હતી. દેવગુરૂની આંગી રચવામાં આવી હતી. અને સાંજના ચારવાગે શ્રીપુરબાઇની ધર્મશાળામાં સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. એ રીતે ગુરૂભકિત ( દેવભકિત સાથે ) કરવામાં આવી હતી.

## આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીનું મુંબઇમાં અપૂર્વ સ્વાગત.

આચાર્ય મહારાજ અગાસી વૈશાક વદી ૧૧ ના રોજ પધારતાં લગભગ ૧૨૦૦ થી ૧૫૦૦ માણુસો દર્શનાથે ગયા હતા, મહારાજશ્રીએ ત્યાં એક વ્યાખ્યાન આપ્યું હતું ત્યાંથી મલાડ પધારતાં શેઠ દેવકરણ મુળજી તરફથી ત્રણ દિવસ સુધી પૂજા તેમજ સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યા હતા. ત્યાં પણ આચાર્યશ્રીએ સમયધર્મ ઉપર ભાષણો આપ્યા હતાં, ત્યાંથી મહારાજશ્રી અંધેરી પધાર્યા ત્યાં પણ સ્વામીવાત્સલ્ય તેમજ રાષ્ટ્રીય મહા સમિતિ તરફથી ' સમય ધર્મ ' એ વિષય ઉપર વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતુ, ત્યાં પણ લગભગ જૈન જૈનેતર મળીને ૧૦૦૦ માણુસોએ મહારાજશ્રીના વ્યાખ્યાનનો લાભ લીધો હતો બાદ પંચપરમેષ્ટિની પૂજા ભણાવવામાં આવી. ત્યાંથી તેઓશ્રી શાંતાક્રુઝ પધાર્યા: બપોરના માહીમ પધાર્યા ત્યાંથી એલ્ફીસ્ટન રોડના શ્રાવકોની વિનંતિથી મહારાજશ્રી એલ્ફીસ્ટન રોડ પધાર્યા ત્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારવાડી ભાઇઓમાં બહુ સારી રીતે જાગૃતિ આવી રહી છે, અને કેળવણીનું મહત્વ સમજતા થયા છે. અહીંથી મહારાજશ્રી લાલવાડી પધાર્યા ત્યાં પણ કચ્છી બંધુઓએ અસાધારણ ગુરૂભકિત બતાવી હતી, અહીં મુંબઇનો માનવ સમૂહ ઉછળી પડયો હતો, અહીં પણ વ્યાખ્યાન વગેરે સમયોચિત થયાં હતાં; અહીંથી મહારાજશ્રી મહાવીર જૈન વિદ્યાલયના મકાનમાં પધાર્યા હતા. મહાવીર જૈન વિદ્યાલયના હોલમાં ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરીજી મહારાજશ્રીની જેઠ શુદ ૮ ના રોજ જયંતી ઉજવવામાં આવી હતી હોલને સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો અને નીચે પ્રમાણે જયંતીનો મેળાવડો થયો હતો. ( મળેલું )

# શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીની જયંતી.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં મેલાવડો.

## પ્રમુખ શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજીનો જૈનોને ઉપદેશ.

### શ્રી વિજયાનંદસૂરીશ્વરનાં કાર્યોની પ્રશંસા.

અત્રેનાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી શ્રીમદ્ વિજયાનંદ ( આત્મારામજી ) સૂરીશ્વરની જયંતિ ઉજવવાનો એક મેલાવડો ગયા શુક્રવારે સવારે ૮ કલાકે ગોવાલીયા તળાવ ઉપર આવેલા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિશાળ હોલમાં કરવામાં આવ્યો હતો જે વેળા શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજી મહારાજને પ્રમુખસ્થાન આપવામાં આવ્યું હતું. આ મેલાવડાને વખતે ધોધમાર વરસાદ પડયો હતો તે છતાં પણ જૈન ભાઇઓએ અને બ્હેનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી જેથી મહાવીર વિદ્યાલયનો આખો હોલ ચીકાર ભરાઇ ગયો હતો અને કેટલાકોને તો જગા નહિ મળવાથી આખો વખત ઉભું રહેવું પડયું હતું.

શરૂઆતમાં મંગલાચરણ તથા ગુરૂ સ્તુતિનાં ગીતો ગાવામાં આવ્યાં હતાં. તથા ગુજરાનવાલા ખાતેના શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળના વિદ્યાર્થીઓએ ભજનો ગાઇ સંભળાવ્યાં હતાં.

### પ્રમુખનું ભાષણ.

એ પછી પ્રમુખ શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજીએ ભાષણ કરતાં ધર્મ એટલે શું તે સમજાવી જૈન ધર્મના સુત્રો સમજાવ્યા હતાં અને જણાવ્યું હતું કે ધર્મ એ કંઇ કોઇનો ઇજારો નથી પણ તે તો પાળે તેનો ધર્મ છે. તેમણે જૈનોને પોતાના ધર્મનું બરાબર પાલન કરવાનો અને બધા જૈનોમાં ભાઇચારો અને એક સંપી વધારવાનો ઉપદેશ કર્યો હતો તથા સધળાઓ તરફ સમાન ભાવ રાખવાની ભલામણો કરી હતી.

મહારાજશ્રીએ આગળ બોલતાં જણાવ્યું કે સહધર્મીઓને એક સાથમાં મેળવી લેવા એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ વીતરાગનું ફરમાન છે. જુદા જુદા વિભાગો પાછળથી નિકળ્યા છે, તે પહેલાં તો સઘળાઓ શ્રાવક શબ્દથી ઓળખાતા હતા. આપણે સઘળાઓ જૈનો તરીકે ઓળખાતા હતા. તેઓએ જણાવ્યું કે જેઓની આજે જયંતિ ઉજવવામાં આવે છે તેમનો ઉપદેશો અનુસાર વર્તવાને સઘળાઓએ તઇયાર રહેવું જોઇએ અને તેમના ઉપદેશો અનુસાર વર્તીએ ત્યારે જ તેમની જયંતિ ઉજવેલી સાર્થક થયેલી ગણાય. આગળ બોલતાં તેઓએ :જણાવ્યું કે જેમ એક વૃક્ષ હોય અને તેની ડાળીઓ તથા પાદડાં જુદાં જુદાં ફેલાયલાં હોય છે તેવીજ રીતે જૈન ધર્મ એક વૃક્ષ જેવો છે અને તેના જુદા જુદા જુદા ગચ્છો તે તેની ડાળીઓ અને પાંદડાંઓ છે. તેમણે ખરતર ગચ્છ અને તપગચ્છના મંદીરોમાં બધા જૈનો સેવામાં ભાગ લે છે તેજ બતાવી આપે છે કે બધા ગચ્છોના ભાઇઓ એક જ મૂળમાંથી પેદા થયા છે, અને તેઓ બધા સમાન છે. કોઇ ઉંચ કે કોઇ નીચ નથી. માટે બધા જૈનોએ પોતાનું સંગઠન કરવું જોઇએ આ પ્રમાણે કરવાથી જે ગુરૂમહારાજની આજે આપણે જયંતિ ઉજવીએ છીએ તે બરાબર ઉજવેલી કહેવાય. આગળ બોલતાં તેઓએ જણાવ્યું કે આપણા જૈન ભાઇઓ પંજાબના ઉપકાર હેઠળ છે કેમકે આજે જે ગુરૂમહારાજની જયંતિ ઉજવીએ છીએ તે શ્રીમદ્ વિજયાનંદ [ આત્મારામ ] સૂરિશ્વરજી મહારાજ પંજાબના હતા. અને તેમણે પંજાબમાં ધાર્મિક શીક્ષણ મેળવી ગુજરાતને પોતાનો ધાર્મિક બોધ આપ્યો હતો. મુંબઇ ઉપર જો સઉથી પહેલો ઉપકાર થયો હોય તો તે સદ્‌ગત મોહનલાલજી મહારાજનો છે. તેઓનું સ્થાન મુંબઇના જૈનો આજે કયાં રાખવા માગે છે ? જે ગુરૂને આજે તમો માન આપો છો તેની આવતી કાલે તમે નીંદા કરવાને તઇયાર થાઓ એ કોઇ પણ રીતે વાજબી નથી. એક અમુક મહારાજ મારા અને અમુક મહારાજ તારા એવા ભેદ ભાવ નહીં રાખો અને એક બીજા સાથ ટંટા ઝગડા નહી કરો તો પંજાબ જેટલો દૂરથી હું અત્રે આવ્યો છું અને તમો આગળ આજે જે વ્યાખ્યાન આપું છું તેનું સાર્થક થયેલું હું માનીશ. તીર્થંકરોની પણ નીંદા કરનારાઓ દુનીયામાં પેદા થયા છે તો પછી મારા જેવા અદના માણસ સામે કદાચ કોઇની તરફ નિંદા કરવામાં આવે અથવા તો હેંડબીલો કહાડવામાં આવે, તેમાં કંઇ નવાઇ નથી, મને તે બાબે કંઇ રાગદ્વેષ નથી એવી કચરા જેવી બાબતો મારી આગળ લાવવી નહીં કેમકે તમારો કચરો રાખવા માટે મારી પાસે કંઈ સ્થાન નથી, ગુરૂમહારાજે મને પંજાબમાં રહેવાનું ફરમાન કર્યું છે. તો હું તો ચાતુર્માસ પછી પંજાબ જવાનો છું. ત્યારે તમારે નાહકની કોઇની નીંદા કરીને શા માટે કર્મ બાંધવું. હું ગયા પછી નિંદા કરનારાઓ કોની નીંદા કરશે ? કોમમાં અશાંતિ વધારનારા છાપાઓ કાઢે છે, અને લેખો લખે છે, તે સામે મને સખ્ત અણુગમો છે. અમને તે તરફ જરાપણ સહાનુભૂતિ નથી અને તેવાઓને જો કે હું "આણુ" આપેલો નથી તો પણ કહુ છું કે મને એ સામે સખ્ત અણુગમો છે. અને જેઓ તે કામ કરશે તેઓ પોતાના જ ગુરૂનો દ્રોહ કરે છે. અમે જયાં જયાં જપએ છીયે ત્યાં ત્યાં શાંતિ ઇચ્છીએ છીએ અને તેજ અમારો ઉદ્દેશ છે. એક બીજી વાત કહેવાની છે. મારી સહી સાથેનો અને મારા દસ્કત સાથેનો લેખ જયાં સુધી ન હોય ત્યાં સુધી કોઇપણ લેખ મારો છે એમ કોઇએ માનવું નહિં. અને તે ઉપરથી કલ્પનાઓ કરવી નહિં. તેમણે જણાવ્યું કે કોઇ પાસે હરામનું ધન આવ્યું હોય તો ભલે તેઓ હેંડબીલો છપાવીને પર નિંદા માટે વાપરે પણ જૈનોને મારી ખાસ ભલામણ છે કે તેમણે પોતાની સકમાઇનાં નાણામાંથી એક પાઇ પણ એવાં કામ માટે વાપરવી નહી. ગુરૂ મહારાજની આખરી ઇચ્છા ગુજરાનવાલામાં સરસ્વતી મંદિર સ્થાપવાની હતી. તે વેળા ગુજરાનવાલામાં જૈનોની સંખ્યા મોટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતી અને તેઓ વળી શ્રીમંતો પણ હતા તેથી તેઓએ તે માટે ગુજરાનવાલા ઉપર આધાર રાખ્યો હતો, પણ આપણાં દુરભાગ્યથી ગુરૂ મહારાજ પોતાની ઇચ્છા પોતાની સાથે લઇ સ્વર્ગે સીધાવ્યા. મારા ગુરૂની અંતીમ ઈચ્છા પાર પાડવા એ મારા મનની મુરાદ છે. પંજાબમાં આત્મારામજી મહારાજે ઘણું કાર્ય બજાવ્યું છે અને જૈનોમાં એટલું બધું સંગઠન કર્યું છે કે ત્યાંની બધી જૈન સંસ્થાઓ સાથે તેઓનું નામ જોડવામાં આવ્યું છે. પણ હવે ત્યાંની સ્થિતિ બદલાઇ છે. અગાઉનાં જેટલું ધન રહ્યું નથી અને તે છતાં પણ ગુરૂ મહારાજની ઇચ્છાનુસાર સરસ્વતી મંદિર સ્થાપવાની મારી મુરાદ છે અને તે પાર પાડવા માટે હું હંમેશ કોશેષ કર્યા કરૂં છું. આ કામ એવું છે કે પંચકી લકડી એકકા બોલ એ કહેતી અનુસાર તે સંસ્થા માટે ફંડ ભેગું કરવાની પ્રવૃતિ ચાલે છે, તેમણે આગળ બોલતાં સરસ્વતી મંદિરમાં કેવી કેળવણી આપવાની ધારણા રાખવામાં આવી છે તે સમજાવતાં જણાવ્યું કે તેમાં આપણી ધાર્મિક કેળવણી આપવાનો મુખ્ય ઉદ્દેશ રાખવામાં આવ્યો છે, તેમણે જણાવ્યું કે મેં પંજાબમાં તે સરસ્વતી મંદિર માટે અપીલ કરી હતી તેને પરિણામે તેમજ મારા બીજા ગુરૂ ભાઇઓ અને ત્યાંના તેમજ અત્રેના કેટલાક દાનવીર શેઠીઆઓના ઉદ્યમ તેમજ ટેકાથી તે સંસ્થાની શરૂઆત કરવામાં આવી છે. જેનું નામ શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળ રાખવામાં આવ્યું છે. આ સંસ્થા ત્રણ વરસનું એક નાનું બાળક છે અને પોતાના ગજા પ્રમાણે કામ બજાવે છે. તે પછી તેઓએ ઉપલાં આત્માનંદ જૈન ગુરૂકુળના બાળ બ્રહ્મચારીઓ તથા તેના કારોબારી જેઓ મુંબઇ ખાતે આવ્યા છે અને જેઓ સભામાં હાજર હતા તેઓનો પરીચય કરાવ્યો હતો. આગળ બોલતાં મારવાડમાં પણ કરવામાં આવેલાં પ્રચાર કામ બાબે વિવેચન કરી પારસનાથ જૈન વિદ્યાલયની સ્થાપનાની તવારીખ રજુ કરી તેના બ્રહ્મચારીઓનો પણ પરીચય કરાવ્યો હતો અને જણાવ્યું કે મહાવીર જૈન વિદ્યાલય તો તમારી પાસે જ મોજુદ છે. મારાથી બની શકતું મેં કર્યું છે અને ગુરૂ મહારાજની છેવટની ઇચ્છા પુરી પાડવાને હું નસીબદાર નીવડયો છું તેથી મને આનંદ થાય છે. અને તેથી આજની ગુરૂમહારાજની જયંતી પ્રસંગે આ બધી વિગતો રજુ કરતાં મને ખુશાલી પેદા થાય છે.

## મી૦ મોતીચંદ ગીરધરલાલ કાપડીયા.

એ પછી મી૦ મોતીચંદ ગીરધર કાપડીયા સોલીસીટરે બોલતાં જણાવ્યું કે આજે આપણે શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ જેઓ આત્મારામજી મહારાજના નામથી પ્રસીદ્ધ થઇ ગયા છે તેઓની જયંતી ઉજવવાને આપણે ભેગા મળ્યા છીએ. જયંતી ઉજવવાનો ઉદ્દેશ એ છે કે જેમના જીવનને આપણે આદર્શ તરીકે માનતા હોઇએ તેમનાં જીવનનો અભ્યાસ કરીને તેમને પગલે ચાલવાનો છે. આત્મારામજી મહારાજે વિશાળ દષ્ટિએ આપણા ધર્મનો ફેલાવો કર્યો હતો. તેમણે છેક અમેરીકાસુધી આપણા ધર્મનાં સિદ્ધાંતોનો ફેલાવો કર્યો હતો. અને મી૦ વીરચંદ ગાંધીને તેઓએ તૈયાર કરીને ત્યાં મોકલ્યા હતા, પંજાબમાં જૈન ધર્મનો પ્રચાર કરવાનું જે કામ તેઓએ બજાવ્યું છે તે તેમનાં જીવનની બીજી પ્રસાદિ છે. એવા એવા તો ઘણા પ્રસંગો તેઓશ્રીનાં જીવનમાં બન્યા છે કે જે માટે તેઓ આપણામાં ઘણા માનનીય અને પુજનીય થઇ પડયા હતા. કેળવણી માટે તેઓની પ્રીતિ ઘણી હતી અને તેમના શિષ્યો પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણુતેઓની ઇચ્છા મુજબ કાર્ય બજાવે જાય છે, જે આજે આપણા પ્રમુખ: મહારાજશ્રીનાં વ્યાખ્યાન ઉપરથી જાણી શકયા છીએ. આગળ બોલતાં તેઓએ પરદેશોમાં જૈનધર્મના સિદ્ધાંતોના પ્રચાર કરવા માટે મી૦ વીરચંદ ગાંધીએ જે કાર્યની શરૂઆત કરી હતી તેને આગળ વધારવાની જરૂરીઆત બતાવી હતી. તેમણે જણાવ્યું કે કોઇપણ જાતના માન અપમાન તરફ નહી જોતાં પોતાનું કાર્ય બજાવવાનો તેમણે આગ્રહ કર્યો હતો છેવટે તેમણે આ પ્રસંગે જૈન મહાવીર વિદ્યાલયને મળેલી કેટલીક ભેટો જાહેર કરી હતી તથા સદ્યાળાઓને યથાશકિત ફાળો આપવાની અરજ કરી હતી. એ પણુ તેમણે જાહેર કર્યું હતું કે આ વિદ્યાલયના કારોબાર માટે વિદ્યાલયની મેનેજીંગ કમીટી એકલી જ જવાબદાર છે અને વિદ્યાલયના આંતરીક કારોબાર માટે મહારાજશ્રી કોઇપણુ રીતે જવાબદાર નથી. મેનેજીંગ કમીટીના હુકમ મુજબ મેં કામકાજ કર્યું છે તેટલી જવાબદારી મારી પોતાની પણ છે. કેટલાકો આ મહાવીર જૈન વિદ્યાલયના સંબંધમાં ખોટી અફવાઓ ફેલાવે છે તેથી આટલો ખુલાસો કરવાની મને જરૂર જણાય છે. છેવટે તેમણે મહાવીર જૈન વિદ્યાલયમાં સગવડ વધારવાની જરૂર બતાવી તેને મદદ કરવાની અપીલ કરી હતી.

એ પછી બે ન્હાના વિદ્યાર્થીઓએ અંગ્રેજીમાં છટાદર ભાષણો કર્યા હતાં.

ત્યારબાદ જુદી જુદી ભજનમંડળીઓએ પણ કેટલાંક ભજનો રજુ કર્યા હતા.

શ્રીયુત કીરતીપ્રસાદ તથા પંડિત લાલને શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના જીવનકાર્ય વિષે પ્રસંગોપાત વિવેચન કર્યા હત્તાં અને તેઓએ શરૂ કરેલા કાર્યને આગળ ધપાવવાને જૈન ભાઇઓને આગ્રહ કર્યો હતો.

છેવટે પ્રમુખશ્રીએ ઉપસંહાર કર્યા પછી મેલાવડો વીસર્જન થયો હતો.

( મળેલું )

## મહાત્મા વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની પધરામણી.

### સ્થળે સ્થળે મળેલું તેમને અપૂર્વ માન.

તા. ૧૬–૬–૨૯ સંવત ૧૯૮૫ ના જેઠ શુદ ૧૦ ને રવીવારનો દિવસ એ મુંબઇની જૈન જનતા માટે અપૂર્વ દિવસ હતો. કારણકે તે દિવસે તેના મહાન્ આચાર્યદેવ પધારવાના હતા. તેમના સ્વાગત માટે લોકોનાં ટોળેટોળાં સવારના છ વાગ્યાથી મહાવીર જૈન વિદ્યાલયના મકાન તરફ જઇ રહ્યા હતા, કોઇ અપૂર્વ ઉત્સાહ અને અનેરા ભાવથી ગોવાલીયા ટેંક તરફ માનવ સાગર ઉછળી રહ્યો હતો. સ્કાઉટોની ટુકડીઓ એક પછી એક કોઇ લશ્કરી ઢબથી આચાર્યશ્રીના સ્વાગત્ માટે પોતાના બેંડ સહીત જઇ રહી હતી, સ્ત્રીઓ પોતાની રંગબેરંગી સાડીઓથી સુસજ્જીત થઇ ગુરૂદેવના દર્શનાર્થે જઇ રહી હતી, આબાલવૃદ્ધ સૌ કોઇ આચાર્યશ્રી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના સ્વાગત્ માટે જઇ રહ્યા હતા. દરેક જૈન લતાઓને ધ્વજાપતાકાથી શણુગારવામાં આવ્યા હતા, કેટલેક સ્થળે તો મોતીઓના તોરણો પડદાઓ, તાંબા પીતળના વાસણો, ચાંદીના છત્રો અને સોનાના હારો તુથા બંગડીઓ નજરે પડતી હતી. ખરેખર તે દીવસે મુંબઇની જૈન જનતાના ઇતિહાસમાં કાયમને માટે અદ્વિતીય સ્થાન મેળવ્યું છે. આચાર્ય મહારાજે બરાબર સાડાસાત વાગે મહાવીર જૈન વિદ્યાલયના મકાનથી વિહાર કર્યો હતો. સામૈયું ત્યાંથી જ શરૂ થયું હતું તેમાં સ્કાઉટોની ટુંકડીઓ તેમના બેંડ સહિત એક પછી એક ગોઠવી દેવામાં આવી હતી. એક સુંદર બે ઘોડાની બગીમાં આચાર્ય શ્રીમદ્ આત્મારામજી મહારાજની છબી સાથે મોટર લોરીઓમાં ભજન મંડળીઓ પણ પોતાની અપૂર્વ ગુરૂભકિત બતાવતી હતી. જેમાં ખાસ કરીને ગુરૂદેવની ભકિત માટે ગુજરાનવાલા, ઝંડીઆલાગુરૂ, લાહોર. જલંધર, અને વરકાણાથી આવેલ ભજન મંડળીઓ મુખ્ય હતી, કચ્છી ભજન મંડળીએ પણ પોતાની ભકિત સારી રીતે બતાવી હતી. આચાર્ય મહારાજના સ્વાગતમાં ભાગ લેવા બહારગામથી પણ કેટલાક જાણીતા આગેવાનોએ ભાગ લીધો હતો, જેમાં પંડિત હંસરાજજી, લાલા ગોપીચંદજી જૈન એડવોકેટ, પ્રેસીડેંટ આત્માનંદ જૈન મહાસભા અંબાલા, બાબુ કીરતીપ્રસાદજી વગેરે મુખ્ય હતા. સ્થાનીક આગેવાનોમાં કેવળ એક શેઠ નગીનદાસ કરમચંદને છોડીને બધાની સંપૂર્ણ હાજરી હતી, સામૈયા નીચેના રસ્તાઓમાંથી પસાર થયું હતું ગોવાળીયાટેંક રોડ કેનેડીબ્રીજ, સેન્ડહર્સ્ટરોડ, ગીરગામ બેક રોડ, સી. પી. ટેંકરોડ, ગુલાલવાડી, તાંબાકાંટો, ઝવેરી બજાર, શરાફ બજાર, વીઠલવાડી, કાલબાદેવી રોડ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મારવાડી બજાર અને પાયધુની આ બધા લતાઓમાં સામૈયા સાથે પંદરથી વીસ હજાર માણસોની હાજરી હતી. સ્થળે સ્થળે સાકરીયા પાણી ગોઠવવામાં આવ્યાં હતાં. સામયામાં મેઘરાજાની પુરણ મહેર છતાં લોકોનો ઉત્સાહ અજબ હતો કોઇ પણ માણુસ ખસ્યું હતું નહી.

મહારાજજીને સોનારૂપાના ફુલો તથા સાચા મોતીઓથી સ્થળે સ્થળે વધાવવામાં આવ્યા હતા. પાલનપુર જૈન સંઘ, રાધનપુરા જૈન સંઘ, અને બીજા પણ જુદા જુદા ગામોના સંઘોએ અપૂર્વ ભકિતભાવ બતાવ્યો હતો.

સ્થળે સ્થળે કેળવણી એ સમાજોત્કર્ષની ઉત્કૃષ્ટ ચાવી છે. ' જીનેશ્વર ભાષિત સિદ્ધાંતમાં સાગાર અને અણગાર એવા બંને પ્રકારના ધર્મો કહ્યા છે, ' ક્રોધ, માન, માયા લોભનો ત્યાગ એજ સાચો ત્યાગ છે ' વગેરે અનેક બોર્ડો લગાડી દેવામાં આવ્યાં હતાં કેટલેક સ્થળે ભજન મંડળીઓ ડાંડીઆરસ પણ લેતી હતી આજે મુંબઇની જૈન જનતાએ પોતાના હૃદયઆરાધ્ય ગુરૂદેવનું અપૂર્વ સ્વાગત કર્યું હતું. લગભગ પોણાબાર વાગતા આચાર્ય મહારાજ ગોડીજી મહારાજના ઉપાશ્રયે પહોંચ્યા હતા ત્યાં વ્યાખ્યાન હોલ લગભગ એક કલાક પહેલાંથી જ ચીકાર ભરાઇ ગયો હતો એટલે હજારો માણસોને સ્થળના અભાવે તે દિવસે આચાર્ય મહારાજના વ્યાખ્યાનનો લાભ મળી શક્યો ન હતો આચાર્ય મહારાજે :દશેક મીનીટ વ્યાખ્યાન આપ્યું હતું, ત્યારબાદ પંજાબી બે મુસ્લીમબીરાદરો કે જેમના નામ શેખ અલીબખ્સ સમસુદ્દીન અને શેખ મહેતાબદ્દીન સમસુદ્દીન કે જેઓ ધી બોમ્બે ન્યુ નેટીવ બેંડના પ્રોપ્રાઇટરો છે તેમણે આચાર્ય મહારાજના સામૈયામાં પોતાના બેંડ સહીત ફ્રી ભાગ લીધો હતો અને જીંદગીભર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માંસાહારનો ત્યાગ કર્યો હતો ત્યારબાદ નાળીએર અને બદામની પ્રભાવના લઇ માણસો વીખરાઇ ગયાં હતાં.

( મળેલું. )

# ગ્રંથાવલોકન અને સાભાર સ્વીકાર.

**શ્રી યશોવિજયજી જૈનગુરૂકુળ પાલીતાણા સં. ૧૯૮૪ નો રીપોર્ટ**—તથા હિસાબ અમોને સમાલોચનાર્થે મળેલ છે. ૧૨૧ વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી, શારીરિક, માનસિક અને અધ્યાત્મિક કેળવણી સાથે આપી શકાય તેની શરૂઆત કરતી, સાથે વિદ્યાલય ચલાવતી જૈન સમાજની કોઇ સંસ્થા હોય તો તે આજ પ્રથમ છે. ચોથી ગુજરાતીથી ચોથી ઇંગ્રેજી ધોરણ સુધી સ્કુલ આ સંસ્થામાં હોવાથી ( પાંચમા ધોરણથી મેટ્રીક સુધી સ્ટેટની હાઇસ્કુલમાં આ સંસ્થાનો વિદ્યાર્થી અભ્યાસ કરતા હોવાથી ) સ્કુલ શિક્ષણ સાથેજ તેના ટાઇમમાં ધાર્મિક શિક્ષણ ( જે માટે અભ્યાસક્રમ ખાસ તેયાર કરેલ છે, તે પ્રમાણે ) સાથેજ રીપોર્ટમાં બતાવ્યા પ્રમાણે વિદ્યાર્થીઓને, આપવામાં આવે છે. વિદ્યાર્થીઓને તંદુરસ્ત રાખવા ( જેમ કુદરતી હવા, પાણી સ્વચ્છ મળે છે તેમજ ) વ્યાયામનો વર્ગ પણ ખાસ ખોલવામાં આવેલ છે. ( અને તેના પ્રયોગો હાલમાં પાલીતાણા સ્ટેટના નામદાર ઠાકોર સાહેબને આમંત્રણ કરી દેખાડેલ હોવાથી નેકનામદાર ઠાકોર સાહેબે પોતાનો આનંદ અને સંતોષ જાહેર કરેલ છે. ) છતાં તેના ( આર્થિક સ્થિતિ જોઇએ તેવી ન હોવાથી ધીમે ધીમે સતત પ્રગતિ કરતી આ સંસ્થા જોઇ તેમજ તેનો આ છેલ્લો રીપોર્ટ વાંચી સર્વને આનંદ થાય તેવું છે. કોઇ પણ મનુષ્ય માત્ર રીપોર્ટ વાંચવાથી કે પેપરોમાં કાંઇ આવવાથી અભિપ્રાય આપી શકે નહિં પરંતુ તેની બાહ્ય તથા આંતરિક વ્યવસ્થા જોઇને જે અભિપ્રાય આપે તે યોગ્ય કહેવાય; અમો આ સંસ્થાની ઉભયસ્થિતિ જાતે તપાસવાની જૈનબંધુઓને ભલામણ કરીયે છીયે અને તેમાં અપૂર્ણતા હોય કે સુધારો વધારો કરવા જેવું જણાય તો તેમ કરવા તેના વ્યવસ્થાપકોને ભલામણ–સુચના કરવા અને તેને આર્થિક સહાય આપી વિશેષ પ્રગતિમાન કરવા–આદર્શ બનાવવા ભલામણ કરીયે છીયે.

આ સંસ્થામાં રહીને કેટલાક વિદ્યાર્થીઓ મેટ્રીક થયેલા છે. જેમાંના કેટલાક મેટ્રીક થયેલા વિદ્યાર્થીઓ મુંબઇની કોલેજમાં બી. કોમ, બી. એસ સી. ઇન્ટર કોમર્સ, પ્રીવીયસ, જી–ડી એ વગેરે કલાસમાં અભ્યાસ કરે છે, અમુક વિદ્યાર્થી ડ્રોઇંગ પેઇટીંગનું કામ મી. રાવળ પાસે શિખવાને અમદાવાદ મુકેલ છે કે જે તૈયાર થતાં તે વિદ્યાર્થીના હાથ નીચે તે જ કલાસ કમીટી ખોલવાના છે, એક વિદ્યાર્થી વિવિંગનું કામ મેટ્રીક થયા પછી અમદાવાદ શીખે છે, અને કેટલાક વિદ્યાર્થી કલકત્તા રંગુન, એડન વગેરે સારા સ્થળોમાં વેપારી લાઇનમાં જોડાયેલ છે. હાલમાં કેટલાક માસ પહેલા ભાવનગર સામળદાસ કોલેજના ત્રણ પ્રોફેસર સાહેબો ભીડે સાહેબ, પ્રોફેસર, ભટ્ટ સાહેબ, મે૦ ખીમચંદભાઇ એમ એ તેમજ ભાવનગર સ્ટેટના જો૦ સર ન્યાયાધીશ સાહેબ શેઠ જીવરાજભાઇએ જાતે સંસ્થા તેની સ્કુલ શિક્ષણપદ્ધતિ જોઇ પોતાનો સંતોષ તેની વીઝીટ બુકમાં જાહેર કરેલ જણાયેલ છે, શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિ સાહેબોએ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાતે તપાસ કરી વ્યવસ્થા ધાર્મિક શિક્ષણ વગેરે માટે આનંદ જાહેર કર્યો છે, તેમજ આચાર્ય મહારાજશ્રી વિજયનેમિસૂરિજી તથા આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરિજીએ પધારી જાતે તપાસી ધાર્મિક શિક્ષણ અને અપાતા ધાર્મિક સંસ્કાર તથા શિક્ષણ માટે પોતાનો સંતોષ જાહેર કર્યો છે, આ રીતે પગભર થતી સંસ્થા માટે જૈન સમાજે ગૌરવ લેવા જેવું છે અને તે માટે તેનાં સંચાલકો તથા વ્યવસ્થાપકો ધન્યવાદને પાત્ર છે. રીપોર્ટમાં જણાવેલ હીસાબ આવક જાવક, બહુજ સ્પષ્ટ અને ચોખવટથી જણાવેલ છે. જેથી તેની કાર્યવાહી વિશ્વાસ પાત્ર હોઇ જૈન સમાજે તેને આર્થિક વગેરે તમામ પ્રકારની સહાય આપવાની જરૂર છે અમો તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

---

**મૂળચંદ જીવરાજ કન્યા વિદ્યાલય-લીંબડી.**પાંચ વર્ષ સં. ૧૯૮૦ થી ૧૯૮૪ સુધીનો રીપોર્ટ. પ્રકાશક—ભાયચંદ જેચંદ તથા ડાહ્યાલાલ હરગોવીંદ જાની મંત્રીઓ. છ વર્ષથી આ કન્યા કેળવણીની સંસ્થાનો તે શહેરમાં જન્મ થયો છે. સ્ત્રીકેળવણીની આ દેશમાં જરૂરીયાત ઉભી થયેલી છે તેનો તેવા સમયમાંજ આ શહેરમાં આ સંસ્થા તેનો રીપોર્ટ તપાસતાં સારૂં કાર્ય કરી રહેલ છે. ચાલુ શિક્ષણ સાથે શિવણ ગુંથણ, સંગીત, અને વાંચન પ્રવૃતિ પણ સાથે રાખવામાં આવેલ છે. રીપોર્ટની શરૂઆતમાં આ સંસ્થાનો ધ્યેય અને ઉદ્દેશ યોગ્ય જમાનાને અનુસરતા જણાય છે. હાલ ૨૦૦ બાળાઓ તેનો લાભ લે છે. તે ખુશી થવા જેવું છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીયે છીએ.

---

**શેઠ ઘેલાભાઈ લાલભાઇ ઝવેરી કેશર બરાસ ફંડનો ચોથો રીપોર્ટ**—સં. ૧૯૮૩ ૮૪ નો અમોને મળ્યો છે, આ ફંડનું કુલ ભંડોળ રૂા. ૭૩૦૦૦) હાલ છે, જેથી તેના વ્યાજમાંથી ઉદ્દેશ પ્રમાણે વ્યય થાય છે, સંવત ૧૯૮૪ ની સાલમાં જ જુદા જુદા ગામના ૧૮૯ ગામોમાં કેશર, સુખડ પૂજા માટે અપાયેલ છે. આ ફંડ ખાતાનું ટ્રસ્ટડીડ થયેલ હોઇ ટ્રસ્ટીઓ તેનો વહીવટ યોગ્ય રીતે ચલાવે છે તેમ તેના આ રીપોર્ટ ઉપરથી જણાય છે.

---

**બાબરા સાર્વજનીક વાંચનાલય તથા ગ્રામ્ય સેવા મંડળનો**—તા. ૧-૫-૨૭ થી તા. ૩૦-૪-૨૯ સુધીનો હિસાબ અને કામકાજનો હેવાલ આ રીપોર્ટમાં આપવામાં આવ્યો છે. આ સેવા મંડલે ખાદી પ્રચાર, સંકટ નિવારણ, માંદાઓની માવજત વગેરે સેવાનું કાર્ય યથાશકિત કરેલ છે તેમ આ રીપોર્ટ વાંચતા જણાય છે. સાથે એક વાંચનાલય છે જેમાં આજુ બાજુના ગ્રામ્યજનો પણ લાભ લે છે જેથી આ ઉછરતી સંસ્થાને દરેક મનુષ્યે મદદ આપવાની જરૂર છે.

---

**ખંભાતનો ઇતિહાસ અને ચૈત્ય પરિપાટી**—ચૈત્ય વ્યવસ્થાપક સમિતિ-ખંભાત ત્રિવાર્ષિક હેવાલ સં. ૧૯૮૨ને૮૩-૮૪ પ્રકાશક શ્રી **સ્તંભતીર્થ જૈન મંડળ** મુંબઇ તાંબાકાટા. આ મંડળનો ઉદ્દેશ ખંભાતી બંધુઓની બંને પ્રકારની ઉન્નતિ સાધવી, તેમજ ભાષણ શ્રેણી, હસ્તલેખિત દ્વિમાસિક સમાજ સેવક અને તેના સાથે અંગત તરીકે શ્રી સ્તંભતીર્થ જૈન ચૈત્યવ્યવસ્થાપક સમિતિ સ્થપાયેલ છે કે જેનો ઉદ્દેશ ત્યાંના જિન મંદિરોની સુંદર વ્યવસ્થા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિસાબ વહીવટ વ્યવસ્થિત રહે તે માટે વ્યવસ્થાપકનું સંગઠન કરવાનો હોઇ તેમના તરફથી આ પ્રાચીન શહેર ખંભાતના ઇતિહાસ અને ચૈત્ય પરિપાટીનું પુસ્તક પ્રકટ થયેલ છે. જૈન અને જૈનેતર શુમારે દશ ગ્રંથોનો આધાર લઇ આ સંક્ષિપ્ત ઇતિહાસ તૈયાર કરવામાં આવ્યો છે. આ ઐતિહાસિક લેખમાં ખંભાતનો ઇતિહાસ, કાંઇક જૈન ઇતિહાસ અને શિલાલેખના વૃત્તાંતની ગુંથણી પણ કરેલી છે સાથે પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચિન ઇતિહાસિક આર્થીક બાબત ઉમેરી તે માટે નીમવામાં આવેલ કમિટના ગૃહસ્થો બંધુ મોહનલાલ ડી. ચોકસી અને શ્રી ચિમનલાલ દ. શાહે ઘણો સારો પ્રયત્ન કર્યો છે. એકંદરે ચૈત્ય પરિપાટી અને ખંભાતનો ઇતિહાસ બંનેની આ બુકમાં ગોઠવાયેલ સંકલના ભવિષ્યમાં ખંભાતનો વિસ્તૃત ઇતિહાસ લખનારને એક લઘુ પરંતુ સાધન આ બુકથી થયેલ છે. એમ જણાય છે. અમો ઐતિહાસિક સર્વે બંધુઓને આ ઇતિહાસિક લેખ વાંચવાની ભલામણ કરીએ છીએ. પ્રકાશક મંડળ સંસ્થાનો વહીવટ યોગ્ય રીતે કરે છે. અને હિસાબ ચોખવટવાળો છે અમો તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

**શ્રી અજારા પાર્શ્વનાથ ચરિત્ર**—શેઠ વાડીલાલ પુનમચંદ તરફથી ભેટ.

# શેઠ શ્રી દેવકરણ મૂળજીભાઇનો સ્વર્ગવાસ.

મુંબઇ જૈન સંઘના એક મુખ્ય આગેવાન શેઠ શ્રી દેવકરણભાઇ લાંબા દિવસની બિમારીથી ભોગવી ૬૬ વર્ષની ઉમરે મુંબઇમાં પોતાના નિવાસ સ્થાનમાં પંચત્વ પામ્યા છે. મુંબઇ મધ્યે જૈનોની અનેક હિલચાલમાં તેઓ તનમન ધનનો ભોગ આપી ભાગ લેતા હતા. પોતે કેળવણી પામેલ નહિ હોવા છતાં કેળવણી પ્રત્યેનો પોતાનો પ્રેમ હોવાથી કેળવાયેલા વર્ગમાં તેઓ સન્માન પામતા હતા; તેટલુંજ નહિ પરંતુ શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં શ્રી સૌરાષ્ટ્ર (જુનાગઢ) જૈન બોર્ડીંગ વગેરે કેળવણીની સંસ્થામાં સારી રકમ આપેલ હતી. ગુરૂભકિત તરીકે શ્રી મોહનલાલ સેન્ટ્રલ લાઇબ્રેરીમાં પણ આર્થિક મદદ સારી હતી. દેવભકિત તરીકે પોતાની જન્મ ભૂમિ વંથલી અને નિવાસ સ્થળ મલાડમાંજ જૈન દેવાલય બંધાવી પ્રતિષ્ઠા કરી દેવભક્તિ કરી હતી. મનુષ્ય જન્મનું સાર્થક, લક્ષ્મીનો સદવ્યય પરોપકાર સંઘ સેવા વગેરેથી કર્યું હતું. તેઓ દેવગુરૂ ધર્મના શ્રદ્ધાવાન હતા. તેઓના સ્વર્ગવાસથી જૈન સંઘમાં એક દાનવીર જૈન નરની ખોટ પડી છે તેમના પવિત્ર આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માને પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ.

અમારા માનવંતા લાઇફ મેમ્બરોને નીચે જણાવ્યા પ્રમાણેના ત્રણ ગ્રંથો ભેટ આપવાના છે.

**૧ જૈન નરરત્ન ભામાશાહ. ૨ શ્રી વિમલનાથ પ્રભુનું ચરિત્ર.**
**૩ શ્રી પ્રભાવક ચરિત્ર.**

પ્રથમ ગ્રંથ તૈયાર છે, નંબર ૨ બાઇન્ડીંગ થાય છે, નાં. ૩ પ્રસ્તાવના તૈયાર થાય છે. એ ત્રણે ગ્રંથો પર્યુષણના પર્વોના પવિત્ર દિવસોમાં ભેટ મોકલવામાં આવશે.

—— ——

## સંક્ષેપ સમરાદિત્ય ચરિત્ર-( પત્રકારે )

સંસ્કૃતના અભ્યાસી સાધુ સાધ્વી તથા પ્રસિદ્ધ જ્ઞાન ભંડારોને ભેટ અપાય છે. ન મળ્યું હોય તેમણે છ આનાની ટીકીટ મોકલી શાહ ફુલચંદ ખેમચંદ ( મુ. વલાદ સ્ટેશન મેદરા એ. પી. રેલવે ) લખી મંગાવી લેવું.

# વાંચનનો મોટો લાભ.

## અને પૃષ્ટ સંખ્યામાં વધારો છતાં લવાજમ તો તેજ—

જૈન સસ્તી વાંચનમાળાના ગ્રાહકોને ચાલુ સાલના પુસ્તકો મોકલાઇ ગયાં છે. હજુ પણ નવા થનાર ગ્રાહકને તે મળી શકશે.

૧ સ્થુલીભદ્રની નૌકા ૨ ચિત્રસેન પદ્માવતી
૩ ચંપકશ્રેષ્ટીની કથા. ૪ શ્રી અજારાપાર્શ્વનાથ ચરિત્ર.

આવતી સાલથી રૂા. ૩) માંજ ૧૨૦૦ પાનાનાં પાકા બાઈન્ડીંગના નવીન ઇતિહાસીક પુસ્તકો ગ્રાહકોને મળશે. નવા થનાર ગ્રાહકોએ રૂા. ૦-૮-૦ ની ટીકીટ બીડી ગ્રાહકમાં દાખલ થવા પુરા શીરનામા સાથે લખવું. પાછળથી પુસ્તકો શીલીકમા રહેતાં નથી માટે દર વરસે મળતો આ લાભ દરેક જૈનબંધુએ લેવા જેવો છે.

કોઇ પણ જાતના જૈનધર્મનાં પુસ્તકો અમારી પાસેથી મળી શકશે.

લખોઃ—જૈન સસ્તી વાંચનમાળા
રાધનપુરી બજાર—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનના દીપક પ્રકટાવો.

આજ આપણે કટોકટીના જમાનામાંથી પસાર થઈએ છીએ. આથી કરીને આજથી ત્રણ ચાર જમાના પહેલાં આપણે જે જાતની જીંદગી ગુજારતા તે જાતની જીંદગી ગુજારવાથી આપણું કામ નહિ ચાલી શકે. આપણે પ્રજાઓ અને સામ્રાજ્યોની ચઢતી અને પડતી નિહાળી છે. જાપાનના ઉત્થાન અને વિકાસ તમે જોયા. અર્ધ સદી પહેલાનું જાપાન કેવું હતું તે તમે જાણ્યું છે. તેણે પોતાના આળસને દૂર ફેંકી દીધું, નમાલાપણાને હઠાવી દીધું અને આજ તે પ્રજા–સંઘની વચમાં જઈ ખડું છે તે પ્રગતિ અને કીર્તિના માર્ગ ઉપર આગળ ધપી રહ્યું છે; અને આપણે જમાનાઓ થયાં ઉંઘમાં પડયા છીએ. એ ઉંઘમાં ને ઉંઘમાં આપણે પાછળ પડતા ગયા છીએ.

"બ્રિટિશ હિંદમાં આપણી આજની હાલત કાજે રાજકર્તા વર્ગને માથે સઘળો દોષ ઢાલવવામાં આવે છે, પણ તેજ વખતે આપણે એક બાબત ભૂલીએ છીએ. એ બાબત એ છે કે આપણે ફરજ ચૂકયા છીએ અને આ ભૂલનો દોષ બીજાને માથે ઢોળવાના બહાનાની સગવડ આપણે શોધી કાઢી છે, પણ માતૃભૂમિના સાચા પુત્ર તરીકેની આપણી ફરજ જો આપણે અદા ન કરીએ તો રાજકર્તા ગમે તેટલો ભલો હોય તોય શું કરી શકવાનો ?

સમસ્ત હિંદી પ્રજાનો એકજ ધર્મ છે. એ ધર્મ તે રાષ્ટ્રધર્મ, માતૃભૂમિ પ્રત્યે અનન્ય પ્રેમધર્મ. રૂસો–જાપાનીસ યુદ્ધ સમયે જાપાનની પ્રજા એજ પ્રેમધર્મથી ઘેલી બની હતી. દેશની ભૂમિ પ્રત્યેના એ અનન્ય પ્રેમને કારણે એ યુદ્ધમાં કેટલીક માતાઓએ આપઘાત કરવાનું બહેતર માન્યું હતું; કારણ તેમનાં બાળકો લડાઇના કાયદાની રૂએ સૈન્યમાં ભરતી થઇ શકયાં ન હતા. જાપાનીસ માતાઓનો એ અપૂર્વ જુસ્સો હતો. રાજપૂત વીરત્વના દિવસોમાં આપણા દેશમાં પણ એવી માતાઓ હતી અને અત્યારે પણ ફાંસીને લાકડે લટકતા પોતાના પુત્રને જોઇ હસનારી કોઇ કોઇ માતાઓ હયાત છે. પોતાની જાત–પેટની પૂજાને સ્થાને રાષ્ટ્રપૂજાની સ્થાપના કરવી પડશે એ તત્વ જ્યારે આપણી માતાઓ સમજશે ત્યારે તે ક્ષણ આપણા દેશના ઇતિહાસમાં નોંધવા લાયક લેખાશે. તમારા દેશ પ્રત્યેનો તમારો પહેલો ધર્મ એ છે કે તમે તમારી માતાઓ, બ્હેનો, સ્રીઓ અને પુત્રોને સમજાવો કે વિશ્વવિદ્યાલયનું શિક્ષણ પામી બહાર આવવામાં સરકારી કે ખાનગી ગુલામો કરવા કરતાં કોઇ ઓર જ હેતુ રહેલો છે. તમારાં બાળકોને સ્નાતક બન્યા પછી વકીલાત કાજે ધકેલતા નહિ. રાષ્ટ્રની શકિતના ગર્વનો ખ્યાલ રાખજો. આપણો દેશ વકીલોથી ઉભરાય છે. આજ આપણે દેશભરમાં કામ કરનારાઓની જરૂરત છે. આજ દેશના ખૂણેખૂણામાં ગામડે ગામડે, દૂરદૂરના ઝુંપડે ઝુંપડે, એ અજ્ઞાનના અંધકારમાં પડેલાં હરેક સ્થાનમાં જ્ઞાનનો દીપક પ્રગટાવવાની જરૂરત છે.

"આપણા કાર્યનું કેન્દ્ર ગામડાઓ છે. કેળવાયલા વર્ગને કોઇને કોઇ દિવસ ગામડાઓમાં પાછા જવું જ પડશે તો પછી આજે જ તે કામ શા સારૂ કરતા નથી ?"

આચાર્ય પ્રફુલ્લચંદ્ર રાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only